RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 129* Date: 07.03.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## દેશમાં કોરોનાએ માથુ ઉચક્યુ: છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ હજારથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૬

દેશમાં કોરોના વાયરસનાં દૈનિક કેસો ફરી એકવાર ઝડપથી વધી રહ્યા છે. શનિવારે કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે આ આંકડા જાહેર કરતાં કહ્યું કે છેલ્લા એક દિવસમાં દેશના વિવિધ રાજયોમાં કોરોના વાયરસના કુલ ૧૮,૩૨૭ નવા કેસ નોંધાયા છે. આ સમાન સમયગાળા દરમિયાન ૧૦૮ દર્દીઓ મૃત્યુ પામ્યા અને ૧૪૨૩૪ લોકો ઠીક થયા છે. નવા દર્દીઓ મળ્યા બાદ દેશમાં કોરોના વાયરસનાં કેસો વધીને ૧,૧૧,૯૨,૦૮૮ પર પહોંચી ગયા છે. વળી, કુલ ૧,૦૮,૫૪,૧૨૮ દર્દીઓની રિકવરી બાદ દેશમાં હવે ૧,૮૦,૩૦૪ સક્રિય કેસ રહ્યા છે. નોંધપાત્ર વાત એ છે કે દેશમાં હાલમાં કોરોના વાયરસ રસીકરણ અભિયાનનો બીજો તબક્કો ચાલી રહ્યો છે, જેમાં અત્યાર સુધીમાં ૧,૯૪,૯૭,૭૦૪ લોકોને રસી આપવામાં આવી છે. બીજા તબક્કા અંતર્ગત, જે લોકોની ઉંમર ૬૦ વર્ષથી વધુ છે તેમને કોરોના વાયરસની રસી આપવામાં આવી રહી છે. આ સિવાય ૪૫ વર્ષથી વધુ ઉંમરનાં લોકો પણ ગંભીર રોગોથી પીડિતને કોરોના વાયરસની રસી અપાવવામાં આવી રહી છે. બીજા તબક્કાનાં રસીકરણ અભિયાનમાં પીએમ મોદી, આરોગ્ય પ્રધાન ડૉ.હર્ષ વર્ધન, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, દિલ્હીનાં સીએમ અરવિંદ કેજરીવાલ, એલજી અનિલ બૈજલ અને એઈમ્સનાં ડિરેક્ટર ડૉ.રણદીપ ગુલેરિયા સહિત ઘણા લોકોને રસી અપાઇ છે. આપને જણાવી દઈએ કે, છેલ્લા કેટલાક દિવસોમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ કોરોના વાયરસનાં કેસો નોંધાયા છે.

## પટેલે ત્રણ ટેસ્ટમાં ૨૭ વિકેટ ઝડપી અક્ષર પટેલ ડેબ્યૂ સિરીઝમાં સૌથી વધુ વિકેટ લેનાર દુનિયાનો પ્રથમ બોલર બન્યો



અમદાવાદ,તા.૬

ભારતીય ટીમના સ્પિન ઓલરાઉન્ડર અક્ષર પટેલે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યુ અને આ તેના માટે ડ્રીમ ડેબ્યૂ સાબિત થયું છે. આ ટેસ્ટ સિરીઝમાં તેણે પોતાની સ્પિનનો જાદૂ દેખાડ્યો અને ઈંગ્લેન્ડના બેટ્સમેનો તેના સામે બેકફુટ પર આવી ગયા હતા. અક્ષર પટેલે આ ટેસ્ટ સિરીઝમાં ચાર વખત એક ઈનિંગમાં પાંચ વિકેટે લેવાનો કમાલ કર્યો આ સાથે તેણે પોતાની પદાર્પણ સિરીઝમાં ટેસ્ટ ક્રિકેટમાં નવો વર્લ્ડ રેકોર્ડ બનાવી દીધો છે.

અક્ષર પટેલે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ચાર મેચોની ટેસ્ટ સિરીઝની બીજી મેચ દ્વારા પોતાનું પદાર્પણ કર્યુ હતું. ત્યારબાદ તેણે ટેસ્ટ સિરીઝમાં કુલ ૨૭ વિકેટ ઝડપી અને વિકેટ લેવાના મામલામાં તે ભારત તરફથી બીજા ક્રમે રહ્યો. આ મામલામાં અશ્વિન પ્રથમ નંબર પર છે અને તેણે કુલ ૩૨ વિકેટ ઝડપી છે. અક્ષર પટેલે આ સિરીઝમાં ૨૭ વિકેટ ઝડપી અને પદાર્પણ ટેસ્ટ સિરીઝ (ઓછામાં ઓછી ત્રણ મેચોની સિરીઝ) માં સૌથી વધુ વિકેટ ઝડપનાર દુનિયાનો પ્રથમ બોલર બની ગયો છે. અક્ષર પટેલ પહેલા ટેસ્ટ સિરીઝમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ અજંતા મેન્ડિસના નામે હતો, જેણે વર્ષ ૨૦૦૮માં ભારત વિરુદ્ધ ટેસ્ટ સિરીઝમાં ૨૬ વિકેટ લીધી હતી.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૫૭૧

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૭૨૮૧૧

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૦૩

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૬૫૪૭૨

## ચોથી ટેસ્ટમાં ભારતે ઇંગ્લેન્ડને એક ઇનિંગ્સ ૨૫ પરથી મ્હાત આપી

# ઇંગ્લેન્ડને અંતિમ ટેસ્ટમાં હરાવી ભારત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં

### ચાર ટેસ્ટ મેચોની સિરિઝ ભારતે ૩-૧થી જીતી, અંતિમ ટેસ્ટની ચોથી પારીમાં સ્પિનર અશ્વિન-અક્ષરનો તરખાટઃ પાંચ-પાંચ વિકેટ ઝડપી




અમદાવાદ,તા.૬

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની ચોથી ટેસ્ટ મેચમાં ભારતનો ભવ્ય વિજય થયો હતો. ભારતનો એક ઈનિંગ્સ અને ૨૫ રનથી વિજય થયો હતો. આ વિજય સાથે ભારત વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચી ગયું છે. ભારતનો ઇંગ્લેન્ડ સામેની ચાર ટેસ્ટ મેચની ટેસ્ટ સિરીઝમાં ૩-૧થી વિજય થયો હતો. ભારતે ઇંગ્લેન્ડને બીજી ઇનિંગ્સમાં ૧૩૫ રનમાં ઓલઆઉટ કર્યું હતું. આ મેચના હીરો અક્ષર પટેલ અને આર અશ્વિન રહ્યા હતા. બંને જણે આ ઇનિંગ્સમાં પાંચ-પાંચ વિકેટ લીધી હતી. સદી ફટકારનાર પંતને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. જ્યારે ચાર ટેસ્ટ મેચમાં ૩૨ વિકેટ ઝડપનાર આર.અશ્વિનને મેન ઓફ ધ સિરીઝનો ખિતાબ જાહેર કરવામાં આવ્યો હતો.

ભારતના વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચી ગયું છે અને એના ૫૨૦ અંકો છે. ભારતની સામે ફાઇનલમાં ન્યુ ઝીલેન્ડની ટીમ છે. ભારતે છ ટેસ્ટ સિરીઝ રમ્યું હતું. ભારતે આમાંથી એક પણ ટેસ્ટ સિરીઝ હાર્યું નથી. હવે ભારતે ૧૮ જૂને લોર્ડસમાં રમવાનું છે.

ટીમ ઈન્ડિયાને સિરીઝ જીતવવામાં રોહિત શર્મા, રિષભ પંત, સ્પિનર અક્ષર પટેલ અને અશ્વિનની મહત્વની ભૂમિકા રહી છે. રોહિત આ સિરીઝમાં સૌથી વધારે ૩૪૫ રન બનાવનાર ભારતીય રહ્યો. પંતે ૨૭૦ રન બનાવ્યા હતા.

આ પહેલાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ચોથી અને અંતિમ ટેસ્ટના પ્રથમ દિવસે ઇંગ્લેન્ડે અગાઉની મેચોનો દેખાવ જારી રાખી કંગાળ બેટિંગ કરતાં ૨૦૫ રનમાં ખખડ્યું થઈ ગયું હતું. જ્યારે પહેલા દિવસે રમતના અંતે ભારતે એક વિકેટ ગુમાવીને ૨૪ રન કર્યા હતા. પહેલી ઇનિંગ્સમાં અક્ષરે ચાર અને અશ્વિને ત્રણ વિકેટ લીધી હતી.

ટેસ્ટ મેચના બીજા દિવસે ઋષભ પંતે સદી ફટકારી હતી. એ સાથે પહેલી ઇનિંગ્સમાં રોહિતે ૪૯, પંત ૧૦૧, અને રહાણેએ ૨૭ રન કર્યા હતા. જ્યારે વોશિંગ્ટન સુંદરે ૯૬ રન બનાવીને નોટઆઉટ ઊભો હતો.

આ સાથે મેચના ત્રીજા દિવસે ભારતીય ટીમે પહેલી ઇનિંગ્સમાં ૩૬૫ રન બનાવ્યા હતા અને ૧૬૦ રનની લીડ લીધી હતી. વોશિંગ્ટન સુંદર સદી પૂરી નહોતો કરી શક્યો. એ પછી ભારતીય બોલરોએ રંગ રાખ્યો હતો. બીજી ઇનિંગ્સમાં ઇંગ્લેન્ડ ૧૩૫ રનમાં ઓલઆઉટ થઈ હતી. ટીમ ઇન્ડિયાના અક્ષર પટેલે આ ટેસ્ટ સિરીઝમાં ૨૭ વિકેટ લીધી હતી.

આ ટેસ્ટના વિજયની સાથે વિરાટ કોહલી કેપ્ટન તરીકે સૌથી વધુ વિજય મેળવનારા કેપ્ટનોની યાદીમાં ચોથા ક્રમે આવી ગયો છે.

**ભારતે ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સૌથી વધારે ૧૨ મેચ જીતી**

પ્રથમવાર રમાઈ રહેલી આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ટીમ ઇન્ડિયા સૌથી સફળ ટીમ રહી છે. તેણે ૨૧માંથી સૌથી વધારે ૧૨ મેચ જીતી છે. ઇંગ્લેન્ડ ૧૧ જીત સાથે બીજા નંબરે રહી.ટીમ ઇન્ડિયાએ ટૂર્નામેન્ટમાં ૬ સિરીઝમાંથી ૫ જીતી છે. એકમાં ન્યૂઝીલેન્ડ સામે હાર મળી છે.

**ટેસ્ટ રેન્કિંગમાં નંબર-૧ ટીમ ઇન્ડિયા**

ભારતીય ટીમે ૩-૧થી સિરીઝ જીતીને ટેસ્ટ રેન્કિંગમાં પોતાનું પ્રથમ સ્થાન ફરી હાસિલ કરી લીધું છે. ભારત ન્યૂઝીલેન્ડને પછાડી નંબર વન બની ગયું છે. ઇંગ્લેન્ડ સામે ચોથી ટેસ્ટ જીત્યા બાદ ભારતીય ટીમના ૧૨૨ પોઈન્ટ થઈ ગયા છે, અને તે ટેસ્ટ રેન્કિંગમાં નંબર-૧ ટીમ બની ગઈ છે. ન્યૂઝીલેન્ડની ટીમ ૧૧૮ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. ત્યારબાદ ૧૧૩ પોઈન્ટ સાથે ઓસ્ટ્રેલિયા ત્રીજા અને ૧૦૫ પોઈન્ટ સાથે ઇંગ્લેન્ડની ટીમ ચોથા સ્થાને છે. પાકિસ્તાન ૯૦ પોઈન્ટ સાથે પાંચમાં સ્થાને છે.

**શ્રેણીમાં ૩૨ વિકેટ લેનાર અશ્વિન મેન ઓફ ધ સીરિઝ**

અશ્વિને કહ્યું હતું કે તેણે ક્યારેય એક શ્રેણીમાં આનાથી વધુ વિકેટ લીધી નથી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ક્વોલિફાઈ થયા એ મહત્વનું છે.ચેન્નઈમાં પ્રથમ ટેસ્ટ હાર્યા પછી ઈન્ટેનસિટી લેવલ ઓછું હતું. જ્યારે પણ ટીમ દબાણમાં હતું, કોઈને કોઈએ જવાબદારી લઈને સારું પ્રદર્શન કર્યું છે. છેલ્લા ૪ મહિના મારા માટે સારા રહ્યા છે. વિચાર્યું નહોતું કે ચેન્નઈમાં સદી મારીશ. જાડેજા ઈએકગ્રસ્ત થતા મારા પર જવાબદારી વધુ હતી.

**રવિચંદ્રન અશ્વિનની નવી સિદ્ધી**

રવિચંદ્રન અશ્વિન પહેલો ભારતીય બન્યો છે જેણે ટેસ્ટ શ્રેણીમાં ૨ વાર ૩૦થી વધુ વિકેટ લીધી હોય. આ પહેલાં તેણે ૨૦૧૫-૧૬માં દક્ષિણ આફ્રિકા સામે ૪ ટેસ્ટમાં ૩૧ વિકેટ લીધી હતી. તે સિવાય બિશનસિંહ બેદી, કપિલ દેવ, બી. ચંદ્રશેખર, એસ. ગુપ્તે, હરભજન સિંહ અને એચ. માંકડ એક શ્રેણીમાં ૩૦ વિકેટ લઈ ચૂક્યા છે. પરંતુ તેમાંથી કોઈએ ક્યારેય બે વાર શ્રેણીમાં ૩૦ અથવા તેથી વધુ વિકેટ લીધી હોય તેવું બન્યું નથી.

## દિલ્હીમાં પોતાનું અલગથી શિક્ષણ બોર્ડ હશે: કેજરીવાલની મોટી જાહેરાત

ન્યુ દિલ્હી,તા.૬

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે મોટી જાહેરાત કરી છે. હવેથખી દિલ્હીનું પોતાનું અલગથી શિક્ષણ બોર્ડ હશે. કેબિનેટે આ નિર્ણયને લીલીઝંડી આપી દીધી છે. અત્યાર સુધી રાજ્યમાં માત્ર સીબીએસઇ અને આઇસીએસઇ બોર્ડનું શિક્ષણ હતું પરંતુ હવેથી વિદ્યાર્થીઓ દિલ્હી બોર્ડની સંલગ્ન શાળાઓમાં દિલ્હી બોર્ડ દ્વારા પ્રસ્તાવિત અભ્યાસક્રમ ભણી શકશે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, અન્ય રાજયોને પણ પોતાના શિક્ષણ બોર્ડ છે અને દિલ્હી બોર્ડનો અભ્યાસ ૨૦૨૧-૨૨ સત્રાથી શરૂ થઈ જશે. આ નિર્ણયની અસર માત્ર દિલ્હીની શિક્ષણ વ્યવસ્થા પર જ નહી પરંતુ સમગ્ર દેશની શિક્ષણ વ્યવસ્થા પર થશે.મુખ્યમંત્રી કેજરીવાલે જણાવ્યું કે, દિલ્હીની સરકારી શાળાઓમાં એક હીન ભાવના હતી જયારે અમે બજેટનો ૨૫% શિક્ષણ પર ખર્ચ કરવાનો શરૂ કર્યો તો પરિવર્તન આવવાની શરૂઆત થઈ. અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કર્યો અને શિક્ષકોને વિદેશોમાં ટ્રેનિંગ માટે મોકલ્યા. અમે અમારા વિદ્યાર્થીઓને વિદેશ મોકલવાનું શરૂ કર્યું અને ફિઝિક્સ, કેમિસ્ટ્રીના ઓલંપિયાડ માટે વિદેશમાં મોકલ્યા.

### રૂપાણી સરકારે વિધાનસભામાં સ્વિકાર્યું, રોજગારી આપવાના દાવા પોકળ

# છેલ્લા બે વર્ષમાં સરકારે માત્ર ૧,૭૭૭ લોકોને જ સરકારી નોકરી આપી



ગાંધીનગર,તા.૬

રાજયમાં છેલ્લા ઘણા સયમથી યુવા બેરોજગારો સરકારી નોકરીઓ માટે આંદોલન કરી રહ્યા છે. તો બીજી બાજુ રૂપાણી સરકાર ભાજપ સરકારમાં લાખો લોકોને રોજગાર આપતું હોવાની વાતો કરતું આવ્યું છે. પણ રૂપાણી સરકારનાં આ તમામ દાવા પોકળ સાબિત થયા છે. કેમ કે વિધાનસભામાં સરકારે જ જાહેર કરેલાં આંકડા અનુસાર છેલ્લા બે વર્ષમાં માત્ર ૧૭૭૭ લોકોને જ સરકારી નોકરી મળી છે. એટલે લાખો નોકરીઓની વાતો માત્ર વાતો જ રહી ગઈ છે.

વિધાનસભામાં પુછાયેલાં એક પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારના આંકડા મુજબ રાજ્યમાં ૪,૧૨, ૯૮૫ લોકો બેરોજગાર છે. રાજયમાં ૩,૯૨,૪૧૮ શિક્ષિત બેરોજગાર અને ૨૦,૫૬૬ અર્ધશિક્ષિત બેરોજગાર મળીને કુલ ૪,૧૨, ૯૮૫ બેરોજગારો નોંધાયેલા છે. બે વર્ષમાં ૧૭૭૭ બેરોજગારોને માત્ર સરકારી નોકરી આપવામાં આવી છે. બે વર્ષમાં રાજ્યના મહીસાગર, ખેડા, મોરબી, નર્મદા, નવસારી, ભરૂચ, જૂનાગઢ, અમદાવાદ, સુરત, વડોદરા, કચ્છ, દાહોદ, વલસાડ, તાપી અને ડાંગ મળીને ૧૫ જિલ્લાઓમાં એક પણ સરકારી નોકરી આપવામાં આવી નથી.

બજેટમાં રાજ્યના નાયબમુખ્યમંત્રી અને નાણા મંત્રી નીતિન પટેલે ભરતીની જાહેરાત કરી હતી કે સરકાર આગામી વર્ષમાં ૨ લાખ યુવાનોને નોકરી આપશે પરંતુ છેલ્લા બે વર્ષમાં જ જો માત્ર ૧૭૭૭ ઉમેદવારોને નોકરી મળી હોય તો લાખોનાં દાવા સામે પ્રશ્નાર્થન સર્જાવા સ્વાભાવિક છે. ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સૌથી વધુ ૨૭૬ લોકોને સરકારી રોજગારી આપવામાં આવી છે. જ્યારે મહેસાણાં ૨૪૮, બનાસકાંઠામાં ૧૮૦ અને ગીર સોમનાથમાં ૧૭૩, અરવલ્લી જિલ્લામાં ૧૫૦ લોકોને સરકારી રોજગારી આપવામાં આવી છે.

આમ આજે વિધાનસભા ગૃહમાં જ સરકારી આંકડાઓમાં જ રાજ્ય સરકારના લાખોને નોકરી આપવાના અને ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરતીના દાવાઓ પોકળ સાબિત થયા છે. અને આ જ કારણ છે કે રાજયના યુવા બેરોજગારો સતત સરકારી નોકરીઓ માટે આંદોલન કરતાં રહે છે. તેવામાં હાલમાં જ સ્થાનિક સ્વરાજયની ચૂંટણી જીતીને આવેલી ભાજપ સરકાર યુવાઓને રોજગારી આગામી સમયમાં રોજગારી આપી શકશે કે કેમ તે અંગે પણ સવાલો ઉભા થયા છે.

## લદ્દાખમાં વહેલી સવારે ભૂકંપના આંચકા: લોકોમાં ફફડાટ

લદ્દાખ,તા.૬

શનિવારે સવારે લદ્દાખ ભૂકંપથી ધ્રૂજી ઉઠ્યું. લોકોમાં ભયનો માહોલ છે. લોકો સવારે જ્યારે પોતાના ઘરમાં સુતા હતા, ત્યારે ભૂકંપએ બધાને ધ્રૂજાવી નાખ્યા.

નેશનલ સેંટર ફોર સીસ્મોલોજીના અનુસાર લદ્દાખમાં આજે સવારે ૫ વાગે ૧૧ મિનિટ પર ભૂકંપ આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૬ રહી.

તમને જણાવી દઈએ કે આજે લદ્દાખ ભૂકંપના ભારે આંચકા હચમચી ગયું. ભૂકંપ આવતાં લોકો પોતાના ઘરની બહાર નિકળી ગયા. ત્યાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. ભૂકંપના લીધે સીલિંગ ફેન અને અન્ય સામાન્ય ડગમગવા લાગ્યો.

અત્રે ઉલ્લેખનીય છે કે નેશનલ સેંટર ફોર સીસ્મોલોજી હજુ તપાસ કરી રહી છે કે ભૂકંપનું કેંદ્ર ક્યાં અને જમીનથી કેટલું નીચે હતું. જોકે અત્યાર સુધી ભૂકંપના લીધે લદ્દાખમાં કોઇ જાનહાનિ કે નુકસાનના સમાચાર નથી. તે અંગે તપાસ ચાલુ છે.

### વેક્સિનેશન કાર્યક્રમને ગતિ આપવા માટે ડિફેન્સ પ્રોડક્શન એક્ટ લાગુ

## અમેરિકાએ વેક્સિન નિર્માણ માટે ઉપયોગી કાચા માલ પર પ્રતિબંધ મૂક્યા

વોશિંગ્ટન,તા.૬

લોકોને કોરોના વાયરસથી બચાવવા માટે વિશ્વના તમામ દેશો વેક્સિનેશન પર જોર આપી રહ્યા છે. પરંતુ આગામી થોડા દિવસોમાં વેક્સિનેશનની પ્રક્રિયા સામે ભારે મોટું સંકટ આવી શકે તેમ છે. વેક્સિન બનાવવા માટે જે વસ્તુઓનો ઉપયોગ થાય છે તેના કાચા માલના પુરવઠા પર અમેરિકાએ પ્રતિબંધ મુકી દીધા છે.

આ પ્રતિબંધ સ્થાયી નથી પરંતુ તેના કારણે આગામી થોડા સમયમાં વેક્સિન ઉત્પાદન પર અસર જરૂર પડી શકે છે. નોવાવેક્સ કંપનીની વેક્સિન માટે આ સમસ્યા વધુ જટિલ બનશે કારણ કે, આ વેક્સિનનું ઉત્પાદન સંપૂર્ણપણે અમેરિકાથી મળતા કાચા માલ પર નિર્ભર કરે છે. વિશ્વને ૮૦ ટકા વેક્સિન પૂરી પાડતા પુણે ખાતેની સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાના સીઈઓ અદર પૂનાવાલાએ અમેરિકી પ્રતિબંધ સામે સવાલો કર્યા છે. પૂનાવાલાએ વિશ્વ બેંક દ્વારા આયોજિત ચર્ચા સત્રમાં આ મુદ્દો ઉઠાવીને અમેરિકી કાયદાના કારણે આગામી દિવસોમાં ખૂબ અડચણ ઉભી થઈ શકે છે તેમ કહ્યું હતું.

તેમણે જણાવ્યું કે, વેક્સિન માટેની બેગ, ફિલ્ટર, કેપ અને તેના પેકિંગમાં વપરાતી વસ્તુઓની નિકાસ કરવામાં આવે છે. વિશ્વમાં તેનું સૌથી વધારે ઉત્પાદન અમેરિકામાં થાય છે. હાલ સમગ્ર વિશ્વને મોટા પાયે વેક્સિનની જરૂર છે. અમેરિકા આટલી માંગ પૂરી કરવાની ક્ષમતા ધરાવે છે પરંતુ તેણે થોડા સમય પહેલા પ્રતિબંધ મુકી દીધો.

## તંત્રી સ્થાનેથી...

# વિધાનસભાની ગુંજ.....

ગુજરાત વિધાનસભામાં આજે ધારાસભ્ય અશ્વિન ભાઈ કોટવાલે સવાલ કર્યો હતો કે તા. ૩૧- ૧૨- ૨૦૨૦ ની સ્થિતીએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી પરિવારોને જલધારા અને સેક્ટર રિફોર્મ યોજનામાં તાલુકાવાર કેટલા આદિવાસી ગામોને ઘર સુધી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે...? તેના જવાબમાં ગુજરાત પાણી પુરવઠા મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી પરિવારોને જલધારા અને સેક્ટર રિફોર્મ યોજનામાં તાલુકાવાર આદિવાસી ગામોના સો ટકા ઘર સુધી નળથી ગામને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.જેમઃ અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ૩૮ ગામોને અને મેઘરજ તાલુકાના ૨૯ ગામોને તથા સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ૧૮ ગામોને, વિજયનગરના ૫ ગામોને, હિંમતનગરના ૭ ગામોને અને ઇડર તાલુકાના ૩ ગામોને પાણી પુરવઠો આપવામાં આવે છે સભ્યના અન્ય પ્રશ્ને તેઓએ જણાવ્યું હતું કે સાબરકાંઠા જિલ્લાના આદિવાસી ગામ કે જેમાં ૦ ટકાથી ૯૮ ટકા સુધી ઘર જોડાણ આપવામાં આવેલ છે પરંતુ ૧૦૦ ટકા નળ વડે પાણી આપવામાં આવતું ન હોય તેવા આદિવાસી ગામોને ઘર સુધી નળથી પીવાનું પાણી પૂરું પાડવાનું બાકી છે જેમાં ભિલોડા તાલુકાના ૧૦૮ ગામો છે, મેઘરજ તાલુકાના ૧૦૧ ત્યારે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના ૫૮ પોશીના તાલુકાના ૫૯, વિજયનગર તાલુકાના ૪,ઈડરના ૪ હિંમતનગરના ૪ ના ચાર અને વડાલી તાલુકાનુ ૧ ગામ બાકી છે અને આ સમયે જોષીયારાએ પેટા પ્રશ્ન ઉઠાવતાં કહ્યું હતું કે આપ જે વાત કરો છો જેમાં માત્ર ઉપરની વાતો છે ખરેખર તો પીવાના પાણીની જે પાઈપલાઈનો નાખવામાં આવી છે તે તૂટેલી-ફૂટેલી હોય છે અને તેના કારણે અનેક આદિવાસીઓના ઘરો સુધી પાણી પહોંચતું નથી ત્યારે એ તરફ વિશેષ ધ્યાન રાખવાની જરૂર છે અનેક આદિવાસી વિસ્તારોના ઘરોમા પાણી મળતું જ નથી તો પાણી આપવાની વ્યવસ્થા કરવા માંગો છો કે કેમ...?તે સાથે કેટલાક સભ્યોએ પણ આ બાબતે પ્રશ્નોનો મારો કરતા રાજયના મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે અત્યારે પાણી પહોંચાડવા માટેની અનેક યોજનાઓ ચાલી રહી છે જે તે સ્થળો પર પાણી પહોંચાડવા માટે વિવિધ આયોજન કરેલ છે જેમાં સંમ્પ દ્વારા કે ઈરીગેસનના વિવિધ આયોજનની દરેક આદીવાસીઓના ઘર સુધી શુદ્ધ પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે અને જ્યાં પહોંચ્યું હોય ત્યાં પાણી પહોંચી જશે. સભ્ય શ્રી ભરતજી ઠાકોરે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે મહેસાણા જિલ્લામાં જમીન માપણીમાં બહુ મોટી ભૂલો થઈ છે તેમાં ૩૧- ૧૨- ૨૦૧૯ થી ૩૧-૧૨-૨૦૨૦ સુધીના છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકા વાર જમીન માપણીમાં થયેલ ભૂલો સુધારવા માટે કેટલી અરજીઓ આવી તેવા પ્રશ્નમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું હતું કે તારીખ ૩૧-૧૨-૨૦૧૯ થી ૩૧- ૧૨- ૨૦૨૦ ના બે વર્ષ દરમિયાન કુલ કડી તાલુકામાંથી ૩૩૬૦, ઊંઝામાંથી ૧૮૭૩, સતલાસણા તાલુકામાંથી ૫૨૮, વડનગરમાં થી ૭૪૩, ખેરાલુમાંથી ૬૬૯, મહેસાણામાંથી ૨,૬૬૮, વિજાપુરમાંથી ૨,૬૭૨, વિસનગરમાંથી ૧,૬૫૦, બેચરાજીમાંથી ૧,૨૮૨, અને જોટાણા તાલુકામાંથી ૩૪૨ મળીને કુલ્લે ૧૫,૭૮૭ મળી હતી જ્યારે સભ્યશ્રીના અન્ય પ્રશ્ને તાલુકાવાર મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ અન્વયે ભુલ સુધારવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે....? તેના પ્રશ્નના અનુસંધાને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે તાલુકા વાર મળેલ અરજીઓ પૈકી બે વર્ષમાં જે સુધારવામા આવી તેમાં કડી તાલુકામાં થી ૩૫૯, પડતર છે ૩૦૦૧,ઊંઝાની ૨૨૫ સુધારી ,પડતર ૧૬૪૮ છે, સતલાસણામા ૩૮ સુધારી ૪૯૦ પડતર છે,વડનગરમાં ૭૯ સુધારી,પડતર ૬૬૪ છે ખેરાલુમાં ૬૬ સુધારી,પડતર ૬૦૩ છે,મહેસાણામાં ૩૪૨ સુધારી,પડતર ૨૩૨૬ છે,વિજાપુરમાં ૨૩૩ સુધારો કર્યો પડતર તો ૨૪૩૯ અરજીઓ પડતર છે, વીસનગર તાલુકામાં ૧૯૪ અરજીઓનો સુધારો કર્યો છે વીસનગરમાં ૧૯૪ અરજીમા સુધારો કરેલ છે ત્યારે ૧૪૫૬ બાકી છે, બેચરાજી તાલુકામાં ૧૩૭ સુધારો કર્યો છે ત્યારે ૧૧૪૫ બાકી છે અને જોટાણા તાલુકા માં ૩૫ અરજીઓનો ભૂલ સુધારો કર્યો છે ત્યારે ૩૦૭ અરજીઓ બાકી છે અને આ પડતર અરજીઓ ૧૪૦૭૯ અરજીઓમાં વહેલી તકે ભૂલ સુધારો કરવામાં આવશે. ત્યારે આ પ્રશ્ને વિવિધ સભ્યોએ અનેક પ્રશ્નો ઉઠાવ્યા હતા જેમાંતાત્કાલિક ભૂલો ક્યારે સુધારવામાં આવશે...?કેટલા સમયે સુધારા કરવામાં આવશે....? તમે તુરંત સુધારો કરવામાં આવશે તેવી વાત કરો છો ત્યારે બિલ્ડરોની અરજીઓનો તાત્કાલીક નિકાલ કરવામાં આવે છે અને સામાન્ય ખેડૂતની અરજીઓમા વાર લાગે છે તેનું કારણ શું...તેવો પ્રશ્ન અમિત ચાવડાએ પૂછતાં જવાબમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું હતું કે એજન્સીએ કામગીરી કરી છે અને આ સમયે નાયબ મુખ્ય મંત્રીએ વચ્ચેજ ઉભા થઈને સભ્યોને જવાબ આપતા કહ્યું કે માપણીમા તલાવડીઓ, તળાવનું,નિમ જમીનનું, ખરાબાની જમીનનું,ખેતરમા કરેલ બાંધકામો સહિતની નોંધણી કરવાની હોય છે તેમ જ તેની સતત પ્રક્રિયા ચાલે છે અને પ્રક્રિયા ચાલતી જ રહે છે જે કારણે કદાચ સમય જતો હોય તો સ્વાભાવિક છે કે જે પ્રમાણે નોંધણી તૈયાર થતી જાય છે તે પ્રમાણે અરજીઓની ભૂલો સુધારવામાં આવી રહી છે.

આખરે આ પ્રશ્ને વધુ ધારાસભ્યોએ પ્રશ્નોનો મારો ચલાવતા નાણા મંત્રી નીતિન પટેલે સભ્યોને જાણ કરતાં જણાવ્યું હતું કે મુખ્ય વાત એ છે કે જે અરજીઓમાં નિકાલ કરવામાં વાર લાગે છે તેના કારણોમાં કહ્યું કે તેમાં પણ જયારે સંતાનોમા જમીનોના ભાગ પડ્યા હોય કે અન્ય કોઈએ વાંધો લીધો હોય તો તેમાં તેના કારણે નિકાલ થવામાં સમય જાય છે બાકી એક વાત ચોક્કસ છે કે જે ખેડૂતોની જમીન છે તે જવાની નથી કે તેમની પાસે જ રહેવાની છે અને તેમની જ છે એટલે આ બાબતે ચિંતા કરવાની જરૂર નથી. આ સમયે પ્રશ્નકાળ પુરો થતાં ચર્ચાનો અંત આવ્યો હતો.

# પશ્ચિમ બંગાળમાં ભાજપ કાર્યકર્તાઓ ઉપર દેશી બોમ્બથી હુમલોઃ ૬ ઘાયલ

કોલકાત્તા,તા.૬

ગઈકાલે રાત્રે પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણામાં બોમ્બ વિસ્ફોટમાં ભાજપના છ કાર્યકરો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમાંથી બેની હાલત ગંભીર હોવાનું કહેવાઈ રહ્યું છે. આ બોમ્બ બ્લાસ્ટમાં ઘાયલ થયેલા ભાજપના કાર્યકરોએ આ બ્લાસ્ટ માટે તૃણમૂલ કોંગ્રેસને જવાબદાર ઠેરવ્યા છે.

આપને જણાવી દઈએ કે ભાજપના આ કાર્યકરો શુક્રવારે લગ્ન સમારોહથી પરત ફરી રહ્યા હતા ત્યારે કેટલાક અસ્તવ્યસ્ત તત્વોએ તેમના પર બોમ્બ ફેંકી દીધા હતા, જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. ઘાયલ લોકોએ પોલીસ પૂછપરછમાં જણાવ્યું હતું કે તેઓ લગ્ન સમારોહથી પરત ફરી રહ્યા હતા ત્યારે કેટલાક લોકોએ તેમના પર બોમ્બ ફેંકી દીધા હતા.

પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. અહેવાલો અનુસાર ઘાયલોની હજી સારવાર ચાલી રહી છે. ગોસાબા વિધાનસભા બેઠક પર, તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર જયંત નાસકરે આક્ષેપોને નકારી કાઢતાં કહ્યું હતું કે, ભાજપના નેતા વરુણ પ્રમાનિકે કેટલાક બદમાશોની ભેદભાવથી બોમ્બ લગાવવાનો પ્રયાસ કર્યો છે.

# વિજય માલ્યાની પ્રત્યાર્પણ પ્રક્રિયા કાયદાકીય રીતે જ પૂરી કરાશેઃ લંડન

લંડન/ન્યુ દિલ્હીતા.૬

ભારતમાં બ્રિટનના હાઈકમિશ્નર એલેક્સ એલિસે ભાગેડુ વિજય માલ્યાના પ્રત્યાર્પણ મામલે સ્થિતિ સ્પષ્ટ કરી ભારતની ચિંતા વધારી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ ભ્રષ્ટાચારના આરોપીઓના પ્રત્યાર્પણ મામલે ભારતીયોની ઉત્સુકતા અને ઈચ્છાથી વાકેફ છે પણ તેને કાયદાકીય રીતે જ પુરી કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, કાયદાકીય પ્રક્રિયા અનુસરવી જ પડશે તેમાં કોઇ શોર્ટકટ નથી. ભારતમાં નિમાયેલા નવા બ્રિટનના નવા રાજદૂત એલેક્સ એલિસને વધુમાં જણાવ્યુ હતું કે, પ્રત્યાર્પણ વહીવટી અને ન્યાયિક પ્રક્રિયા હોવાથી આ વિવિધ કોર્ટો (UK Courts)માં આ પ્રક્રિયા ચાલશે. બ્રિટનના ગૃહ સચિવે પોતાનું કામ આટોપી દીધું છે.

ભારત માલ્યાનું ઝડપથી પ્રત્યાર્પણ કરવા માટે બ્રિટન પર દબાણ વધારી રહ્યું છે. બ્રિટનની સુપ્રીમ કોર્ટ ભારતમાં પ્રત્યાર્પણ વિરૂદ્ધની માલ્યાની અપીલ ફગાવી દીધી હતી. આ અપીલ ફગાવી દેવામાં આવ્યા પછી ભારત બ્રિટન પર સતત દબાણ વધારી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે વિજય માલ્યા માર્ચ, ૨૦૧૬થી બ્રિટનમાં છે. ૮ એપ્રિલ, ૨૦૧૭ના રોજ સ્કોટલેન્ડ યાર્ડ દ્વારા પ્રત્યાર્પણ વોરન્ટ ઈશ્યુ થયા પછી માલ્યા જામીન પર બહાર છે. એપ્રિલ, ૨૦૧૮માં હાઈકોર્ટે ચીફ મેજિસ્ટ્રેટ એમ્મા અર્બુથનોટએ ચુકાદાને યોગ્ય ગણાવ્યો હતો જેમાં તેમણે જણાવ્યું હતું કે કિંગફિશર એરલાઈન્સના પૂર્વ વડાને ભારતીય કોર્ટોમાં જવાબ આપવા માટે હાજર થવું પડે.

# તિબેટિયન આધ્યાત્મિક ગુરુ દલાઈ લામાએ કોરોના વેક્સિન લીધી




ધર્મશાળા,તા.૬

કોરોનાવાયરસનાં ભયને દૂર કરવા દુનિયાભરમાં લોકો વેક્સિનને એક માત્ર તેનો તોડ સમજી લગાવી રહ્યા છે. ત્યારે તિબેટીયન આધ્યાત્મિક ગુરુ દલાઈ લામાએ પણ કોરોના વાયરસની રસી લીધી છે.દલાઈ લામાએ શનિવારે (૬ માર્ચ) હિમાચલ પ્રદેશનાં ધર્મશાળાની ઝોનલ હોસ્પિટલમાં કોરોના વાયરસ રસીનો પ્રથમ ડોઝ લીધો છે. ભારતમાં કોરોના રસીકરણ અભિયાનનો બીજો તબક્કો ૧ માર્ચ, ૨૦૨૧ થી શરૂ થયો છે. આ રસીકરણ અભિયાનનાં પરિણામ રૂપે, દેશભરમાં ૬૦ વર્ષ કે ૪૫ વર્ષથી વધુ વયનાં, એવા લોકો કે જેઓ કોઈ ગંભીર બિમારીથી પીડાતા હોય તેઓને રસી આપવામાં આવી રહી છે. કોરોના રસીકરણ અભિયાનનાં બીજા તબક્કાનો આજે છઠ્ઠો દિવસ છે. કોવિડ-૧૯ રસીનો પ્રથમ ડોઝ લીધા પછી, દલાઈ લામાએ કહ્યું કે તે ગંભીર રોગોને રોકવામાં મદદગાર છે.

# પુત્રની કુલ આવકમાં તેના માતા-પિતા પણ હિસ્સેદાર છેઃ સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૬

સુપ્રીમ કોર્ટે આજે એક મહત્ત્વના ચુકાદામાં એમ ઠરાવ્યું છે કે પુત્રની આવકમાં એટલે કે પુત્રની ટોટલ કમાણી માં તેના માતા-પિતા પણ હિસ્સેદાર છે. પતિની આવક માં ફક્ત પત્ની કે તેમના સંતાનોનો જ હક છે તે માન્યતા ખોટી છે.

એક કેસ અંતર્ગત ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે પુત્રની ટોટલ આવક છે તેમાં માતા-પિતાને પૂરેપૂરો સરખો ભાગ મળવો જોઈએ અને આ જવાબદારીમાંથી પુત્ર ક્યારેય છટકી શકે નહીં.

ભરણપોષણ અંગેના એક કેસમાં સુપ્રીમ કોર્ટની બેન્ચે દ્વારા આ મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો હતો. એક કેસમાં વાદી મહિલાની અરજી પર સુનાવણી દરમિયાન પ્રતિવાદી પતિ પાસેથી અદાલતે આવક સંબંધી સોગંદનામું માગ્યું છે.

મહિલાએ અરજીમાં સુપ્રીમ કોર્ટ ને કહ્યું હતું કે પતિની માસિક આવક ૫૦ હજાર રૂપિયાથી વધુ છે પરંતુ પોતાને અને સંતાનોને ફક્ત રૂપિયા ૧૦,૦૦૦ ભરણપોષણના આપવામાં આવી રહ્યા છે. જ્યારે પતિ દ્વારા રજૂ થયેલ એફિડેવિટમાં એવો ઉલ્લેખ હતો કે મારી માસિક આવક ૩૭ હજાર રૂપિયા છે અને તેમાં પત્ની અને બે સંતાનો ના ઉછેર નો ખર્ચ તેમજ મારો પોતાનો ખર્ચ અને ઉપરાંત માતા-પિતા માટેનો ખર્ચ કરવાનો હોય છે.

આ સફળતાને પગલે અદાલતે સંબંધિત સુરક્ષા અધિકારી પાસેથી રિપોર્ટ માંગ્યો છે અને બધી વિગતો પૂરી પાડવાની સૂચના આપી આ માહિતી મળી ગયા બાદ સુપ્રીમ કોર્ટે પગાર ને છ ભાગમાં વહેંચવાની સૂચના આપી હતી અને એમ ઠરાવ્યું હતું કે પુત્રની સંપૂર્ણ આવકમાં માતા-પિતા બરાબરના હિસ્સેદાર છે અને એમને એમના ભાગની પૂરેપૂરી રકમ મળી જવી જોઈએ અને તેમાં કોઈ છટક બારી કે કોઈ બહાના ચાલી શકે એમ નથી.

### ચૂંટણી પંચનો કડક આદેશ

# ૫ રાજ્યોમાં રસીના સર્ટિફિકેટ પરથી વડાપ્રધાન મોદીના ફોટા હટાવવા આદેશ



ન્યુ દિલ્હી,તા.૬

પાંચ રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ ચૂંટણી પંચે ચૂંટણી પ્રચારને લઈને આકરૂ વલણ અપનાવ્યું છે. ચૂંટણી પંચે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયને જે રાજ્યોનાં ચૂંટણી યોજાવવાની છે ત્યાં કોરોનાની વેક્સીનના સર્ટિફિકેટમાંથી પીએમ મોદીની તસવીર હટાવવાનો આદેશ આપ્યો છે.કેરળ, પુડુચેરી, અસમ, પશ્ચિમ બંગાળ અને તમિળનાડુ એમ પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવવા જઈ રહી છે. આ ચૂંટણીની આચાર સંહિતાને ધ્યાનમાં રાખીને જ ચૂંટણી પંચે આ નિર્ણય લીધો છે.

ચૂંટણી પંચે આ રાજ્યોમાંથી વેક્સીન સર્ટિફિકેટ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તસવીર હટાવવાનો આદેશ આપતા ચૂંટણી પંચે કહ્યું હતું કે, જે રાજ્યોમાં આચાર સંહિતા લાગુ છે ત્યાં પીએમ મોદીનો ફોટાનો ઉપયોગ ના કરી શકાય. તૃણમૂલ કોંગ્રેસે આ બાબતે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી હતી. આ મામલે સંજ્ઞાન લઈ ચૂંટણી પંચે સ્વાસ્થ્ય મંત્રાલયને આદેશ આપતા કહ્યું હતું કે, તે ચૂંટણીના નિયમોનું અક્ષરસઃ પાલન કરે.

સ્વાસ્થ્ય મંત્રાલયને મોકલવામાં આવેલા પત્રમાં ચૂંટણી પંચે આચાર સંહિતાની કેટલીક જોગવાઈઓનો હવાલો આપ્યો હતો. આ જોગવાઈ સરકારી ખર્ચે જાહેરાત પર પ્રતિબંધ મુકતી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ચૂંટણી પંચે કોઈ વ્યક્તિ કે હસ્તીનો હવાલો નથી આપ્યો પણ સ્વસ્થ્ય મંત્રાલયને કહ્યું છે કે, તે આચાર સંહિતાની જોગવાઈઓનું અક્ષરસહ પાલન કરે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સ્વાસ્થ્ય મંત્રાલયે સંભવતઃ હવે ફિલ્ટરનો ઉપયોગ કરવો જ પડશે જેથી કરીને પશ્ચિમ બંગાળ, અસમ, તમિળનાડુ, કેરળ અને પુડુચેરીમાં કોરોના વેક્સીનના સર્ટિફિકેટ પર પ્રધાનમંત્રીની તસવીર ના છપાય. સિસ્ટમમાં આ ફિલ્ટરને અપલોડ કરવામાં સમય લાગશે.

પશ્ચિમ બંગાળમાં સત્તારૂઢ ટીએમસીએ ચૂંટણીપંચમાં ફરિયાદ નોંધાવી આરોપ લગાવ્યો હતો કે, પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યો કે જ્યાં ચૂંટણી યોજાવવાની છે ત્યાં કો-વિન પ્લેટફોર્મ દ્વારા મળતા કોરોના વેક્સીનેશનના સર્ટિફિકેટ પર પ્રધાનમંત્રી મોદીનો ફોટો હોવો આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન છે. પાર્ટીની તસવીરને પ્રધાનમંત્રી દ્વારા સત્તાવાર દુરૂપયોગ ગણાવ્યો છે. આ પાંચેય ચૂંટણી રાજ્યોમાં ૨૬ ફેબ્રુઆરીથી આદર્શ આચાર સંહિતા અમલી બની છે.

# વડાપ્રધાન મોદીની હાજરીમાં મિથુન ચક્રવર્તી ભાજપમાં જોડાશે તેવી અટકળો શરૂ

ન્યુ દિલ્હી/મુંબઈતા.૬

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. તૃલમૂલ કોંગ્રેસ અને ભાજપ એકબીજાને ઘેરવાની તક છોડી રહ્યા નથી. ભાજપ રાજયમાં સ્પષ્ટ બહુમત સાથે સરકાર બનાવવાનો દાવો કરી રહી છે તો મમતા બેનર્જી બાહરી વર્સિસ આંતરિક મુદ્દાને ધાર આપી રહ્યા છે. ભાજપની માટીના ‘લાલ‘ ને જ મુખ્યમંત્રી બનાવવાની જાહેરાત કરી કાઉન્ટ કરવાનો પુરતો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એવામાં સુપર સ્ટાર મિથુન ચક્રવર્તીના ભાજપમાં જોડાવવાની અટકળો ખૂબ મહત્વપૂર્ણ છે.

મિથુન ચક્રવર્તીના ભાજપમાં જોડાવવાના સમાચાર પર ભાજપ બંગાળ પ્રભારી અને પાર્ટી મહાસચિવ કૈલાશ વિજયવર્ગીય રિએક્શન આવ્યું છે. કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું કે ‘ત્યાં (પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રેલીમાં) ફક્ત પીએમ હશે અને જનતા. કોણ મોટી હસ્તી છે? અમે જનતા સાથે આવનાર દરેક વ્યક્તિનું સ્વાગત કરીશું. ભલે તે મિથુન ચક્રવર્તી હોય.

કૈલાશ વિજય વર્ગીયએ મમતા પર નિશાન સાધતાં કહ્યું કે ભવાનીપુરથી હારવાના ડરથી તે નંદીગ્રામ ગઇ છે અને ત્યાં પણ હારશે. તેમણે કહ્યું કે અમારા ઉમેદવારોના નામનો અંતિમ નિર્ણય થઇ ગયો છે. હવે ઉમેદવારોની યાદી બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. ખૂબ જલદી જ દિલ્હીથી નામોની જાહેરાત કરવામાં આવશે.

### ભારત-ચીન સરહદ વચ્ચે ભારતીય સેનાએ હુંકાર ભર્યો

# ચીન ડિસએંગેજમેન્ટની પ્રક્રિયા પૂર્ણ ન થવા સુધી ભારતીય સેના પૂર્વી લદ્દાખમાંથી પીછેહઠ નહીં કરે

ન્યુ દિલ્હી,તા.૬

સરહદ પર તણાવવાળા બીજા સ્થળોને લઈને ભારત અને ચીન વચ્ચે વાતચીત ફરી એકવાર અટકી ગઈ હોય તેવા સંકેત મળી રહ્યાં છે. આ દરમિયાન ભારતે હુંકાર ભરતા કહ્યું છે કે, જ્યાં સુધી તણાવગ્રસ્ત એવા તમામ સ્થળોએ ડિસએંગેજમેન્ટની પ્રક્રિયા નહીં થાય ત્યાં સુધી ભારતીય સેના પૂર્વી લદ્દાખમાંથી પીછેહટ નહીં કરે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું છે કે, અમારી અપેક્ષા છે કે, ચીન એ સુનિશ્ચિત કરશે કે ટુંક સમયમાં જ બાકીના તમામ વિસ્તારોમાંથી ડિસએંગેજમેન્ટ પુર્ણ કરશે. અમે ઈચ્છીએ છીએ કે ડબલ્યુએમસીસી અને વરિષ્ઠ કમાંડરની બેઠકો એમ બંને મારફતે ચીન એ સુનિશ્ચિત કરે કે, બાકીના વિસ્તારોમાં પણ જેમ બને તેમ જલ્દીથી ડિસએંગેજમેંટની પ્રક્રિયા પૂરી થાય.

શ્રીવાસ્તવે કહ્યું હતું કે, આમ કરવાથી બંને પક્ષોના ‘પૂર્વી લદ્દાખમાંથી સેના પાછી ખેંચવાનો રસ્તો પણ ખુલશે અને તેનાથી જ શાંતિનો માર્ગ નિકળશે. તેમણે કહ્યું હતું કે, ભારતે પહેલા જ ભારપૂર્વક કહ્યું છે કે, દ્વિપક્ષીય સંબંધો ત્યારે જ આગળ વધશે જ્યારે સરહદે શાંતિ સ્થાપિત થશે.

પેંગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારે ડિસએંગેજમેંટના પહેલા રાઉંડ બાદ એક બફર ઝોન બની ગયો હતો જ્યાં પેટ્રોલિંગ થતવાનું હતું. ત્યાર બાદ ગોગરા-હોટ સ્પ્રિંગ્સમાં ડિસએંગેજમેંટને લઈને ચાલી રહેલી વાતચીતના તેના પરિણામ પર પહોંચતી નથી દેખાઈ રહી. મિલિટ્રી કમાંડર્સની અંતિમ બેઠક વિવાદને લઈને જ પુરી થઈ હતી. ભારત ઈચ્છે છે કે, ડેપ્સાંગ પ્લેન્સમાં તેને પેટ્રોલિંગ કરવાનો જુનો અધિકાર મળે જ્યાં ચીની હજી પણ તેને એ પેટ્રોલિંગ પોઈન્ટ્સ ૧૦ થી ૧૩ સુધી નથી જવા દેતા.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું હતું કે, વિદેશ મંત્રી એસ જયશંકરે પોતાના સમકક્ષ વાંગ યી સાથે વાતચીતમાં ભારપૂર્વક કહ્યું હતું કે, પેંગોગ લેકમાં ડિસએંગેજમેંટ પુર્ણ થયા બાદ બંને પક્ષો ટુંક સમયમાં જ પૂર્વી લદ્દાખમાં એલએસી સાથે સંકળાયેલા મુદ્દાઓ ઉકેલવા તરફ આગલ વધવુ જોઈએ. શ્રીવાસ્તવે કહ્યું હતું કે, વર્તમાન સ્થિતિ લાંબા સમય સુધી રહે તે કોઈના પણ હિતમાં નથી.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા જ ભારત અને ચીન વચ્ચે પેંગોગ લેક પર સૈન્ય પાછુ ખેંચવાને લઈને સમહતિ સધાઈ હતી. પરંતુ ચીને આ શિવાયના કોઈ પણ વિસ્તારમાંથી સૈન્ય પાછુ ખેંચવાની તૈયારી ના દાખવતા સ્થિતિ પહેલાની માફક બની રહી છે.

# પાકિસ્તાન વડાપ્રધાન ઈમરાન ખાનની ખુરશી બચીઃ તરફેણમાં ૧૭૮ મત પડ્યા

ઈસ્લામાબાદ,તા.૬

પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાને નેશનલ એસેમ્બલિમાં બહુમતી મેળવી લીધી છે. તેમણે શનિવારે વિધાનસભામાં અવિશ્વાસની દરખાસ્તના મતમાં આ જીત મેળવી છે. ઈમરાન ખાનની તરફેણમાં ૧૭૮ મત પડ્યા હતા. હકીકતમાં, ઈમરાન ખાનની સરકારે પાકિસ્તાનમાં સેનેટની ચૂંટણીમાં નાણાં પ્રધાન અબ્દુલ હાફીઝ શેખની હારને કારણે રાષ્ટ્રીય વિધાનસભામાં વિશ્વાસનો મત મેળવવો પડ્યો હતો.

વિદેશ પ્રધાન શાહ મેહમુદ કુરેશીએ નેશનલ એસેમ્બલિમાં આ પ્રસ્તાવ રજૂ કર્યો. જ્યારે મતદાન થયું હતું ત્યારે ઈમરાન ખાનની તરફેણમાં ૧૭૮ મત પડ્યા હતા. સેનેટની ચૂંટણીમાં હાર બાદ ઈમરાન ખાને સંસદમાં સરકારની બહુમતી સાબિત કરી છે.

શનિવારે પાકિસ્તાનની સંસદમાં મતદાન યોજાયુ હતું, જેનો વિરોધ પક્ષ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો હતો. ઈમરાન અને તેમની પાર્ટી તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) ની પાર્ટીના નેતાઓ પર નજર હતી, જેમની ઉપર સેનેટની ચૂંટણીમાં પાર્ટી છોડવાનો અને વિપક્ષમાં જોડાવાનો આરોપ હતો. જો કે, જ્યારે મત આપવામાં આવ્યા ત્યારે સરકારને સરળતાથી બહુમતી મળી. દેશના વિદેશ પ્રધાન શાહ મહમૂદ કુરેશીએ સરકારના સમર્થનમાં વિશ્વાસ પ્રસ્તાવ મૂક્યો. હકીકતમાં, સેનેટની ચૂંટણીમાં સરકારના નાણાં પ્રધાન હફીઝ શેખને વિપક્ષના ઉમેદવાર યુસુફ રઝા ગિલાનીએ પરાજિત કર્યા, ત્યારબાદ સરકારમાંથી રાજીનામું આપવાની માંગ ઉભી થવા લાગી. સરકારે આ અંગે વિશ્વાસ મતની જાહેરાત કરી. દેશના રાષ્ટ્રપતિ ડો.આરીફ અલ્વીએ શનિવારે બપોરે ૧૨ઃ ૧૫ વાગ્યે તેના માટે એક સત્ર બોલાવ્યું હતું, જેનો વિપક્ષે બહિષ્કાર કર્યો હતો.

### ભાજપ-એઆઈએડીએમકે વચ્ચે ગઠબંધન

# તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૨૦ સીટો પર ચૂંટણી લડશે

ન્યુ દિલ્હી,તા.૬

ભારતીય જનતા પાર્ટી તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં ૨૦ સીટો પર ચૂંટણી લડશે. આ સાથે જ પાર્ટી કન્યાકુમારી સીટ પરથી લોકસભાની પેટાચૂંટણીમાં પણ પોતાના ઉમેદવાર ઉતરવા જઈ રહી છે. ભાજપ તમિલનાડુમાં અખિલ ભારતીય અન્ના દ્રવિડ મુનેત્ર કડગમ સાથે ગઠબંધનમાં ચૂંટણી લડવા જઈ રહી છે.

તમને જણાવી દઈએ કે તમિલનાડુમાં હાલની વિધાનસભાનો કાર્યકાળ ૨૪ મેના રોજ પુરો થઈ રહ્યો છે. ગત ૧૦ વર્ષોમાં અહીં એઆઈએડીએમકે સત્તામાં છે. આ પહેલાં એઆઈએડીએમકેએ ૬ ઉમેદવારોની પોતાની પ્રથમ યાદીની જાહેરાત કરી હતી. તેમાં પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સાથે મુખ્યમંત્રીના પલાનીસ્વામી અને ડેપ્યુટી સીએમ ઓ પનીરસેલ્વમનું નામ પણ સામેલ હતા. સીએમ પલાનીસ્વામી એડાપડ્ડીથી અને ડેપ્યુટી સીએમ ઓ પનીરસેલ્વમ બોદિનાયકનૂરથી ચૂંટણી લડશે. તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી સિંગલ ફેજમાં ૬ એપ્રિલના રોજ થશે અને મતગણતરી ૨ મેના રોજ થશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે છ ગદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : લક્ષ્ય,ધ્યેય,માર્ગ

..સંપર્ક સૂત્રો....

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

ન્યૂઝ પોર્ટલ : janfariyadnews

---

## NOG SS NO.0031

વિષય:-ધ્યેય

વિભાગ:-ગદ્ય

પ્રકાર:-ટૂંકી વાર્તા

શીર્ષક:-તારા

ચાંદનીને નાનપણથી જ આકાશનાં તારાઓ ખૂબ જ ગમતા.એ એને પકડવા હાથમાં લેવા નાની હતી ત્યારે ખૂબ કૂદકાંઓ મારતી.પણ,એમ કંઇ તારા થોડાં હાથમાં આવે ?થોડી મોટી થતાં તેને આ વાત સમજાઈ ગઈ કે તારાને તો બસ આપણે અહીં દૂર બેસીને જોઈ આનંદ માણી શકાય.પણ જયારે એ સમજણી થઈ. ત્યારે તેણે મનમાં એક વાત નક્કી કરી લીધી હતી.

અને આજે? ચાંદનીએ જે વાત નક્કી કરેલ હતી તે સાકાર થવા જઇ રહી હતી.આજે તેને પોલીસ ફોસેમાં જોડાયે ત્રણ જ વર્ષ થયાં હતાં પણ ખૂબ બહાદુરી પૂર્વક ગમે તેવા ખૂંખાર આરોપીઓને પકડવા બદલ તેના યુનિફોર્મમાં પાંચ તારાઓ લાગવા જઇ રહ્યા હતા.કોઇ પત્રકારે તેને આટલી નાની ઉંમરે આ સફળતા કંઇ રીતે મેળવી એ પૂછ્યું ,ત્યારે એણે કહ્યું,"નાનપણથી મને તારાઓ ખૂબ ગમે એ મેળવવા હું ખૂબ ધમપછાડા કરતી.પણ,છેક આકાશમાં રહેલા તારા એમ અડકી કે મેળવી તો ન જ શકાય? પણ મારે ગમે તેમ કરી તારાને અડકવું જ હતું અને એ મેળવવા જ હતા એટલે થોડી સમજણી થતાં મેં નક્કી કર્યું કે મારે પોલીસ ફોસેમાં જ જોડાવવું છે જેથી ક્યારેક મારી બહાદુરીના ઇનામમાં મારા યુનિફોર્મમાં તારાઓ જડાય.

બાકી તો મારાં આટલાં બધાં ભણતરને કારણે ઘણી બધી એવી સરકારી નોકરીઓ મળતી'તી જેમાં મોરપીછ પીછા જેવી સૂવાંળપ હોય તેના રંગો જેવી સુંદર હોય.અરે મોરપીછ તો ગમે ત્યારે જમીન પરથી મેળવી શકાય એ કંઈ બહુ અઘરું નથી.પણ મારે તો આકાશનાં તારાઓ અડવા અને મેળવવા હતા એટલે મેં સ્ત્રીઓ માટે થોડો કઠીન કહી શકાય એવો માગે એટલે આ પોલીસ ફોસે જે મેં પસંદ કર્યો.આમ પણ આકાશના તારા આસાનીથી તો હાથમાં? ના જ આવે નેં? હું અત્યારે જ્યારે પણ આ મારાં યુનિફોર્મ પર લાગેલા તારાને અડકું છું ત્યારે મને લાગે છે કે મારું નાનપણથી જે ધ્યેય હતું આકાશનાં તારાઓને અડવાનું અને મેળવવાનું તે પૂરું થયું."

મેઘલ ઉપાધ્યાય 'મેઘુ' રાજકોટ

---

## NOG SS No. - 0063

વિષય -ધ્યેય/માર્ગ

વિભાગ - ગદ્ય

પ્રકાર - લઘુકથા

શીર્ષક - નવી શરૂઆત

"દીદીજી, આપને કોઈ મળવા માટે આવ્યું છે."

"બહેન, અત્યારે તો સત્સંગનો સમય છે. જે આપ જાણો છો. કોઇપણ મુલાકાત માટે પ્રાત:સત્સંગ પછી દ્વાર હંમેશા ખુલ્લા છે. જેમાં..."

"પણ ,દીદીજી, એ ખુબ વિહ્વળ અને દુ:ખમાં હોય એવું લાગે છે. વળી, કહે છે કે આપ એમને ઓળખો છો."

"વિશ્વાસકુમાર વનમાળી "એ નામ કહ્યું.

ક્ષણભર એક વાવાઝોડું મૈત્રીદીદીજીનાં મુખ પરથી પસાર થયું. જે કદાચ અવિરતપણે બોલતી સુમિત્રાનાં ધ્યાનમાં ન આવ્યું, કે પછી એણે જાણીજોઇને નજરઅંદાજ કર્યું, પણ, એ ચુપ થઈ ગઈ.

"સર્વે ગુણીજનોને મારા સાદર પ્રણામ. અચાનક, વણનોતરી આવી પડેલી આપત્તિને આપણે સૌએ ખાળવાની ભરપૂર કોશિષ કરી. કોઈ કામયાબ થયું. વળી, ઘણાં સ્વજનોએ નવપ્રયાણની રાહ પકડી. જીવનના રંગમંચ પર હજુ મારો-તમારો ખેલ બાકી હશે કદાચ એટલે આપણે આ મહામારીને મ્હાત આપી શક્યા.

સામાન્ય રીતે તમે મને પ્રશ્નો કરો અને હું ઈશ્વરીય હલ તમારા સુધી પહોચાડું. પરંતુ, આજે મને જો પ્રશ્ન કરવાની અનુમતિ આપો..."

"અરે, દીદીજી આપને થોડી અનુમતી માંગવાની હોય!" ખંડમાંથી એકસાથે અનેક અવાજો ઉઠ્યાં.

"તો, આ અદ્રશ્ય માહમારીએ ત્રિભેટે ઉભેલા આપણને ક્યોં માર્ગ ચીંધ્યો? શું પહેલાં કરતાં તમારું જીવનધ્યેય બદલાયું?"

કોઈ કંઈ બોલે, એ પહેલાં છેલ્લે ખૂણામાંથી એક હાથ ઊંચો થયો. ઓહોહો, આ તો મહાન કલાકાર વિશ્વાસકુમાર...એનું તો આખું કુટુંબ કોરોનામાં..ખંડમાં આશ્ચર્ય અને ઉમળકાનું મોજું ફરી વળ્યું.

"જિંદગીની આ સમગ્ર ઘટમાળમાં કદાચ કોઈ સામાન્યજનનાં ધ્યેય કે માર્ગ નિયત રહેતા નથી. ઘણીવાર, અણસમજ, અહંકાર, વધુપડતો આત્મવિશ્વાસ, થોડોઘણો ડર, સંબંધોના આટાપાટા વગેરે માણસને નિર્ણયો લેવડાવે છે કે પછી લેવા મજબૂર કરે છે. લગભગ લોકો જીવનનાં દરેક આશ્રમમાંથી પસાર થાય, અનુભવોની ગઠરી બાંધતા જાય અને પ્રવાહમાં ક્યારેક સ્વબળે તો વળી ધક્કે ચડી આગળ વધતાં જાય છે. આ ધક્કામુક્કીને ચાતરી, થાકીને અંતે જ્યારે એ પાછળ ફરી જુએ છે. ત્યારે એને ખબર પડે કે જેના માટે હું આ..ટલું દોડ્યો એ ચક્કરે તો મને ફરી ત્યાં જ લાવી મૂક્યો. બાબાગાડીનાં ટેકે ચાલતો લાકડીનાં ટેકે આવ્યો ત્યારે પોરો ખાવા પામ્યો. આપ જેવાં નસીબદાર બહું ઓછા હોય છે, જેને ભગવાન યોગ્ય સમયે માર્ગ બદલવાની સમજ અને હિંમત આપે છે.

મૈત્રી હું આપનો ગુનેગાર છું. મને જીવનના આ અંતિમ પડાવે માર્ગ ચીંધો..."

એ(વિશ્વાસકુમાર) ચોધાર આંસુઓ સારતો મૈત્રીદેવીજીના ચરણમાં દોડીને નમ્યો. સમગ્ર ખંડ સ્તબ્ધ હતો.

ઈશ્વર આપનું કલ્યાણ કરે.સદ્કાર્ય માટે કોઈ શરૂઆત મોડી નથી.'હ્ સંપૂર્ણ સ્વસ્થતાથી મૈત્રીદીદીજીએ એને આશીર્વાદ આપ્યાં.

રીટા ભાયાણી, મીઠાપુર

---

## NOG SS No : 0039

વિષય -- ધ્યેય, લક્ષ્ય

પ્રકાર -- ગદ્ય - લેખ

શબ્દો - ૩૦૦

શીર્ષક: લક્ષ્ય

જીવનને સુંદર બનાવવા અને સુખ પામવા માટે કોઈક ને કોઈક ધ્યેય હોવું જરૂરી છે. ધ્યેય વિનાનો માનવી સુકાની વગરની નાવ જેવો છે.ધ્યેય રાખવાથી વ્યક્તિની શકિતઓ ખીલે છે અને પોતાની શક્તિનો પરિચય થાય છે. જીવનમાં આગળ વધવાની ચોક્કસ દિશા પ્રાપ્ત થાય છે.

શું બનવું છે? ક્યાં ક્ષેત્રમાં જવું છે? આપણો શોખ શું છે? જે પ્રાપ્ત કરવાની ખેવના છે એમાં આપણી આવડત કેટલી છે? એના માટે કેટલી મહેનત કરી શકીએ એમ છીએ? આવા અનેક સવાલો છે જેના જવાબો વ્યક્તિએ જાતે જ વિચારવાના છે. પાસે કશું જ ના હોય પણ અથાક પરિશ્રમ, ધગશ અને તત્પરતાથી જ વ્યક્તિ અવશ્ય જીવનમાં ધ્યેય પ્રાપ્ત કરી શકે છે.

ધીરુભાઈ અંબાણી આનું ઉત્તમ ઉદાહરણ છે. પેટ્રોલપંપ પર પેટ્રોલ પૂરવાનું કામ કરતાં કરતાં પોતાનો પેટ્રોલપંપ અને રિફાઈનરી હોય એવા સપનાં જોવા લાગ્યાં. સતત મહેનત, ઈચ્છા અને ધગશથી તેઓ કામ કરતાં રહ્યાં અને છેવટે એમનું ધ્યેય પ્રાપ્ત કરીને જ જંપ્યા. નિરમાનાં કરસનભાઈ, ઈન્ફોસિસના નારાયનમૂર્તિ અને સુધા મૂર્તિ જેવા અનેક મહાનુભાવો ઉદાહરણ રૂપ છે.

જીવનમાં સપનાં જોવા જોઈએ, કંઈક નવું, કંઈક અલગ પ્રાપ્ત કરવાની ખેવના રાખવી જોઈએ, કોઈક લક્ષ્ય સેવવું જોઈએ. એમા સફળતા મેળવવા અથાક પરિશ્રમનો બીજો કોઈ જ વિકલ્પ નથી એ વાત પણ સમજી લેવી જોઈએ.

"સિદ્ધિ એને જઈ વરે, જે પરસેવે નહાય."આ કહેવત ધ્યેય સિદ્ધ કરવા માટેનું સચોટ સૂચન છે.જાતે જ મહેનત કરવી પડે. જાતે જમીએ ત્યારે જ ભૂખ સંતોષાય છે એ રીતે પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા માટે સ્વપ્રયત્નો જ જરૂરી છે.

પોતાની મહેનત, ધગશ અને મહત્વાકાંક્ષાથી વ્યક્તિ કંઈક પ્રાપ્ત કરે છે ત્યારે એના આનંદની કોઈ અવધિ રહેતી નથી, એ સુખની ચરમસીમાએ પહોંચે છે, સફળતાનાં શિખરો સર કરે છે. દેશ અને દુનિયામાં ખૂબ પ્રસિદ્ધિ પામે છે અને એનું આત્મસન્માન પણ પોરસાય છે.

જીવનનો અર્થ જ એ છે કે તમે કોઈક લક્ષ્ય સાથે જીવો. લક્ષ્ય વગરનું જીવન નિરર્થક છે.લક્ષ્ય પણ ઊંચું, ખૂબ મહેનત માંગી લે એવું હોવું જોઈએ.પોતાના લક્ષ્ય બાબતે વ્યક્તિ હંમેશાં ચિંતિત અને સતર્ક રહેવી જોઈએ.

પ્રફુલ્લા "પ્રસન્ના"

---

## NOG SS No..19

શબ્દ..ધ્યેય

પ્રકાર..ગદ્ય ટુંકી વાર્તા

શીર્ષક... મુક્તિ

સરયુબેન આજે સવારથી દીકરા મયુર સાથે દવાખાનામાં બધાં ટેસ્ટ કરાવી રહ્યાં હતાં.ડોક્ટરે મયુરને એકાંતમાં બોલાવી કહ્યું ,"આપની માતાને છેલ્લાં પ્રકારનું કેન્સર છે."

મયૂર એકદમ મુંઝાઈ ગયો.મમ્મી સામું જોયું તો એ સાવ શાંત હતાં.ઘેર આવીને એણે સ્વાતિને વાત કરી. અંદરનાં રૂમમાંથી પપ્પાનો સાદ સંભળાયો,,"ક્યાં મરી ગયાં બધાં? કોઈને મારી કદર નથી, હું મરવા પડ્યો છું."

મમ્મીએ એમને ચૂપચાપ ચા બનાવી દીધી. મયુર એક ફિલ્મની પટ્ટીની જેમ માનું જીવન જોઈ રહ્યો.અડધી જિંદગી પિતાનાં અપમાન સહન કરી મારાં વિકાસ માટે માતા રાતદિવસ જોયાં વગર ઘરનાં તમામ કામ પૂરાં કરતી. બદલામાં કાયમ પપ્પા એને ગાળો સિવાય કંઇજ ન આપતાં.પોતે માનો લાડલો હતો. એણે મનોમન એક લક્ષ્ય રાખ્યું, માને કોઈપણ હિસાબે આ બીમારીમાંથી મુક્તિ અપાવવી. એ ખર્ચની ચિંતા છોડી ઉત્તમ ડોક્ટર પાસે લઈ જતો.બંને પતિ-પત્ની ખૂબ સેવા કરતાં.પિતાજી રોજ કકળાટ કરી માને જેમતેમ બોલતાં પણ મયુરે તન, મન,ધનથી સેવા કરી. અંતે આ દુનિયામાં મા મુક્તિ મેળવી ચાલી ગઈ.

કલ્પનાબેન ત્રિવેદી . સુરેન્દ્રનગર

---

## NOG SS No.0007

વિષય - ધ્યેય,લક્ષ્ય

પ્રકાર - ગદ્ય

શીર્ષક - કસ્તુરી મૃગ

સિમરન નામની એ સુંદર,નાજુક,નમણી,થોડી ભીનાં વાને એવી છોકરી; નાનપણથી એકજ ધ્યેય રાખ્યું હતું કે શ્રીમંત છોકરા સાથે લગ્ન કરવાં.કારણ પિતાના ઘરે તો નાનપણથીજ રસોડાંમાં હાંડલાને કુસ્તી કરતાં જોયાં હતાં.બે ટંકમાંથી એક ટંક તો પાણીથીજ જઠરાગ્નિ ઠારવી પડતી. મા આજુબાજુનાં ઘરે રસોઈ કરવાનું કામ કરતી. માના પૈસા ઘરનું ભાડું, બિમાર ભાઈની દવા વગેરેમાંજ પૂરાં થઈ જતાં.પિતા પણ લોકોની નાની મોટી ઈલેક્ટ્રોનિક વસ્તુઓને રીપેર કરી આપીને જેમતેમ રોજના એક ટંક જમવા જેટલાં પૈસા ભેગાં કરી શકતાં.સિમરન પહેલેથીજ ભણવામાં હોંશિયાર. પરંતુ સરકારી શાળામાં ભણતી હોવાથી એની હોંશિયારીની કોઈ ગણતરી નહોતી થતી.જેમ કસ્તુરી મૃગને કસ્તુરી એની ડૂંટીમાંજ છે એની જાણ નથી હોતી તેમ સિમરન પણ પોતાની આ હોંશિયારીથી અજાણ હતી.જેમ જેમ યુવાન થતી ગઈ તેમ તેમ શ્રીમંત વ્યક્તિ સાથેજ પરણવાની ઈચ્છા પ્રબળ થતી ગઈ; અને એક દિવસ ૨૩ વર્ષની એ નાજુક સિમરન........! અચાનક બે બાળકોની માતા બની ગઈ.

લેખિકા : આરતી મરચંટ

મુંબઈ : કાંદિવલી.

---

## NOG SS No : 0001

પ્રકાર : ગદ્ય

શીર્ષક : લક્ષ્ય,ધ્યેય,માર્ગ

જીવનનાં મોટાભાગના મારી જીવન આત્મકથાનાં ચઢાવ ઉતાર માં મે એકાંત માં હંમેશા લક્ષ્યાંક ને પહોંચી વળવા હું કાયમ અડગ રહ્યો છું અને ધ્યેય પાર પાડવા હંમેશા હું માર્ગ બનાવી ને તે રસ્તે ચાલી રહ્યો છું.મને યાદ છે તે વિવેકાનંદની વાત " ઉઠો જાગો,ધ્યેય પાર ના પડે ત્યાં સુધી મંડ્યા રહો " અડગ મનના માનવી ને હિમાલય પણ નડતો નથી તે જ મનોમંથન કરી આગળ વધતો રહ્યો છું.જેમ સામાજિક,આર્થિક,વ્યવહારિક, વ્યવસાઇક લક્ષ્ય અને ધ્યેય મુજબ જીવન સફરમાં આગળ વધતા હોઈએ છીયે અને સગવડ.અગવડ,સુખ દુ:ખ,સાથ સંગાથ, ગમો અણગમો જેવા અનેક ગમતા ના ગમતા કંકરો વટાવી આગળ નીકળતા હોઈએ છીએ તેમ મે NOG સાહિત્ય સરિતા ગ્રુપ અને સભ્યો વિષયક પણ એક લક્ષ્ય નક્કી કર્યું છે.મારો ધ્યેય પણ નક્કી છે.સાહિત્યિક અબુદ્ધ તરીકે સ્વીકાર કરી અનેક અહમ,ગમો,અણગમો નો સામનો કરી આગળ નક્કી કરેલ માર્ગે ચાલી રહ્યો છું .

જે સમજે છે તે સાથે છે જે નથી સમજતાં તે રોડા બની ક્યાંક અથડાય છે પણ ધ્યેય નક્કી છે કે આપણા ગ્રુપનાં સભ્યોના સાહિત્યિક બાયોડેટામાં આપણા ગ્રુપનું નામ એક વિશેષ લાયકાત બની રહેશે અને શ્રેષ્ઠ સાહિત્યિક પાઠશાળા તરીકે નામના પ્રાપ્ત કરીશું તેમાં કોઈ શંકા ને સાથ નથી.જરૂરી સાથ સહકારથી મારા આત્મા ને ખૂબ આનંદ છે કે હું ક્યાંક આ ગ્રુપમાં કોઈને પણ અન્યાય થાય તેવું કરી નથી રહ્યો..બને તેટલું સારું કરવા પ્રયત્ન કરી રહ્યો છું અને જરૂરી સાહિત્યિક સાથ સહકાર મળી રહ્યો છે . મારા ધ્યેય ને સિદ્ધ કરવા નિસ્વાર્થ મદદ કરી રહેલ સર્જક સહયોગીઓ ને નત મસ્તક....અસ્તુ

પ્રદીપ રાવલ .સંચાલક

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું કેવડીયા ખાતે ઉષ્માભર્યુ સ્વાગત



રાજપીપલા,તા ૬

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આજે સવારે કેવડિયા ખાતે ટેન્ટ સિટી-૨માં આયોજિત કમ્બાઇન્ડ કમાન્ડર્સ કોન્ફરન્સમાં હાજરી આપવા આવી પહોંચ્યા હતા.

કેવડિયા હેલીપેડ ખાતે રક્ષામંત્રી રાજનાથસિંહ, સીડીએસ બિપીન રાવત, રક્ષા સચિવ અજય કુમાર, ગુજરાતના મુખ્ય સચિવ અનિલ મુકીમએ સહિત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું.

આ પહેલાપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેવડીયામાં ચાલી રહેલી દેશના સુરક્ષા સેના અધિકારીઓની કોન્ફરન્સ ને સંબોધન કરવા ગુજરાત ની એક દિવસીય મુલાકાતે આવ્યા હતાત્યારે

પ્રધાનમંત્રી કેવડીયા જવા માટે અમદાવાદ હવાઈ મથકે આવી પહોંચ્યા ત્યારે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત જી ,મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન ભાઈ પટેલે તેમનું સ્વાગત અભિવાદન કરી આવકાર્યા હતા.ત્યાર બાદ હેલિકોપ્ટર દ્વારા કેવડિયા પહોચ્યા હતા

તસવીર: જ્યોતિ જગતાપ,રાજપીપળા

# બે પાકા કામના કેદીઓને ૧૦ વર્ષ અને ૩૬૫ દિવસની સજા ભોગવ્યા બાદ રાજપીપળા જેલમાંથી છુટકારો.




રાજપીપળા,તા. ૬

રાજપીપળા જિલ્લા જેલ ખાતેથી બળાત્કાર અને ભરણપોષણના કેસમાં સજા ભોગવનાર પાકા કામના કેદી શિવરામ કાશીરામ વસાવાની ૧૦ વર્ષ અને પાકા કેદી મંગળ ભાતા માલિની ૩૬૫ દિવસની સજા ભોગવ્યા બાદ બંનેનો જેલમાંથી છૂટકારો થયો હતો.જિલ્લા જેલ અધિક્ષક એલ. એમ બારમેરાએ જણાવ્યું હતુ કે સજા ભરી જેલમાંથી મુકત થયેલ બંદીવાનને પ્રિઝનર વેલ્ફર ફંડ માંથી એક -એક જોડી કપડાં આપ્યા.બંદીવાન દ્વારા જેલ મુકત થયા બાદ સમાજમાં જઈ કોઈ ગુન્હાહિત પ્રવૃતિ નહિ કરીએ તેઓ વિશ્વાસ આપ્યો હતો.અને જેલ પ્રશાસન તરફથી જેલવાસ દરમિયાન સુમેળ ભર્યું વર્તન કરવામાં આવેલ તેવું જણાવેલ. પાકા કેદી શિવરામ કાશીરામ વસાવા ઈપિકો કલમ ૩૭૬ માં ૧૦ વર્ષની સજા તેમજ બીજા પાકા કેદી મંગળ ભાતા માલી ભરણ પોષણના કેસમાં ૩૨૦ દિવસની સજા ભોગવીને જેલમાંથી મુક્ત થયા હતા.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# રાષ્ટ્રીય શાયરએ શિક્ષણ લીધેલ શાળાને ઐતિહાસિક દરજ્જો આપવા કરાઈ માંગ

સુરેન્દ્રનગર,તા.૬

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું નામ સાંભળતાની સાથે જ ગુજરાતના ગૌરવસમા ઈતિહાસની ઝાંખી નજર સમક્ષ તરી આવે છે. રાજ્ય સરકારે મેઘાણી સ્મૃતિ સ્થાનો વિકસાવવા મોટું બજેટ ફાળવ્યું છે. પરંતુ કદાચ કોઈને ખબર નહીં હોય કે, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ પ્રાથમિક શિક્ષક રણકાંઠાના ઝીંઝુવાડામાં લીધું હતુ. થોડા સમય અગાઉ આ ઐતિહાસિક શાળામાં ખર્ચો કરી અદ્યતન બનાવવામાં આવી હતી. પરંતુ આ શાળાને ઐતિહાસિક દરજ્જો આપી એને વિકસાવવામાં આવે એવી માંગ ઉઠી છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું નામ સાંભળતાની સાથે જ ×એ મારી જનનીના હૈયામાં, પોઢતા પોઢતા, અમે પીધો કસુંબીનો રંગ, હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ× હૈયામાં અને હોંઠ પર આવી ચઢે. ઝાલાવાડના ચોટીલા ગામમાં ૨૮ ઓગષ્ઠ ૧૮૯૬માં જન્મેલા ઝવેરચંદ મેઘાણીએ ૯ માર્ચ ૧૯૪૭માં બોટાદ ખાતે ૫૧ વર્ષે દેહનો ત્યાગ કર્યો હતો. સરકારે થોડા સમય અગાઉ મહાન રાજ્ય પ્રતિભાઓએ જે જે શાળામાં પ્રાથમિક શિક્ષણ સહિતનો અભ્યાસ કર્યો હોય તે તમામ શાળાને ઐતિહાસિક શાળા ઘોષિત કરી એની યોગ્ય જાળવણી કરવાનો વિચાર અમલમાં મુક્યો હતો.

### વડાપ્રધાન મોદીના હમશકલને આવેદનપત્ર આપ્યું

# માલપુરના સફાઈ કામદારોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી આવેદનપત્ર પહોંચાડવા નવો

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્યમાં સફાઈ કામદારો માટે હક્કની લડાઈ લડનારા ગુજરાત વાલ્મિકી સંગઠનના પ્રમુખ લાલજી ભગત થોડા વર્ષ અગાઉ ગુજરાતમાં ફરજ બજાવતા સફાઈ કામદારોની વિવિધ પડતર માંગણીઓને તામ્ર પત્ર પર લખી પદયાત્રા યોજી દિલ્હી પહોંચી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવેદનપત્ર આપવા અને ન્યાયની માંગ માટે પહોંચ્યા હતા પરંતુ વડાપ્રધાનને મળવા ન મળતા તેમને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને આવેદનપત્ર આપી પરત ફર્યા હતા ત્યારે તાજેતરમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઝેરોક્ષ કોપી હોય તેવો ચહેરો ધરાવતા કર્ણાટકના સદાનંદ નાયક માલપુર તાલુકામાં ભાજપના ઉમેદવારો માટે પ્રચાર અર્થે લાવીને લોકોમાં અને મતદારોમાં આકર્ષણ ઉભું કર્યું હતું અને જંગી જીત પણ મેળવી હતી વડાપ્રધાંન મોદીના હમશકલ સદાનંદ નાયકને માલપુરના સફાઈ કામદારોએ આવેદનપત્ર આપી તેમની પડતર માંગણીઓ સાથેનું આવેદનપત્ર વડાપ્રધાન મોદી સુધી પહોંચે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો




ગુજરાત વાલ્મીકી સંગઠનના પ્રમુખ લાલજી ભગત હંમેશા સફાઈ કામદારોની પડતર માંગણીઓ હોય કે પછી નોકરીમાં અન્યાય થતો હોય તંત્રને જગાડવા અને સફાઈ કામદારોને ન્યાય અપાવાવ આશ્ચર્યજનક રીતે વિરોધ નોંધાવતા હોય છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રમોદી સુધી સફાઈ કામદારોની વિવિધ પડતર માંગણીઓ અને સમસ્યાને ન્યાય અપનાવા અનોખો માર્ગ અપનાવી અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના પ્રચાર અર્થે આવેલા સદાનંદ નાયકને આવેદનપત્ર આપી આવેદનપત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી પહોંચાડવા નમ્ર અપીલ કરી હતી જેમાં સફાઈ કામદારોને કાયમી કરવાની માંગ, કોન્ટ્રાક પધ્ધતિમાં થતું શોષણ થતું બંધ કરવામાં આવેની માંગ કરી હતી

# બાર કાઉન્સીલ ગુજરાતના ચેરમેન તરીકે મોડાસાના નામાંકિત વકીલ હીરાભાઈ પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજયના ૮૦ હજાર વકીલોની મુખ્યસંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં ચેરમેન તરીકે મોડાસાના નામાંકીત વકીલ હીરાભાઈ પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવતા રાજયભરના વકીલોમાં આનંદ છવાયો હતો અરવલ્લી જીલ્લાના અગ્રણી વકીલ હીરાભાઈ પટેલ છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાત બાર કાઉન્સિલના મેમ્બર તરીકે ફરજ બજાવી વકીલોની પડખે સતત ઉભા રહ્યા છે અરવલ્લી જીલ્લાના પનોતા પુત્ર હીરાભાઈ પટેલની બાર કાઉન્સિલના ચેરમેન તરીકે નિમણુંક થતા મોમેન્ટો અને ફુલહાર થી સન્માનીત કરાયા હતા

અરવલ્લી જીલ્લાના નામાંકીત વકીલ હીરાભાઈ પટેલની ગુજરાત બાર કાઉન્સીલ ચેરમેન તરીકે સર્વાનુમતે બિનહરીફ વરણી થતા અરવલ્લી જીલ્લા બાર કાઉન્સીલ અને વકીલોમાં આનંદ છવાયો હતો અને હીરાભાઈ પટેલને ફુલહાર અને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા ગુજરાત બાર કાઉન્સીલના ચેરમેન તરીકે નિમણુંક થતા તેમને રાજય બાર કાઉન્સીલના સદસ્યોનો આભાર વ્યક્ત કરી વકીલો ના રક્ષણ માટે હંમેશા કામ કરતો રહીશ તેમ જણાવ્યું હતું

## સમગ્ર પ્રકરણની તપાસ માટે રથી જજોની બેન્ચની નિમણુક કરી ઇવીએમ મશીનની સંપૂર્ણ તપાસ ની માંગ

# નર્મદામા સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં એક તરફી પરિણામ આવતા બીટીપીએ ઇવીએમમા ગરબડીનો આક્ષેપ લગાવ્યો

### E.v.m મશીનોમા થયેલ હેરાફેરી અને ગરબડીઓની યોગ્ય તપાસણી કરાવવા બીટીપીના આગેવાનો એ રાજપીપળા ખાતે કલેક્ટર ને આવેદન આપ્યુ

રાજપીપળા, તા ૬

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં E.v.m મશીનો મા થયેલ હેરાફેરી અને ગરબડીઓની યોગ્ય તપાસણી કરાવવા બાબતે બીટીપીના આગેવાનો બહાદૂર વસાવા.ચૈતર વસાવા સહિત ના આગેવાનોએ રાજપીપળા ખાતે કલેકટરને રાજ્યપાલ ને ઉદ્દેશીને આવેદન.પત્ર આપ્યુ હતું.આવેદનમા સમગ્ર પ્રકરણ ની તપાસ માટે રથી જજો ની બેન્ચ ની નિમણુક કરી ઈવીએમ મશીનની સંપૂર્ણ તપાસ ની માંગ કરીછે. અને જો માંગ નહિ સંતોષાય તો આંદોલન ની ચીમકી પણ આપી હતી. જયારથી દેશમાં E.v.m મશીના થી ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણીઓ કરવામાં આવે છે. ત્યારથી અનેક પ્રશ્નો અને આક્ષેપો ઉપસ્થીત થયેલા છે. છતા ચૂંટણી પંચ દ્વારા આ બાબતે કોઈપણ જાતની તપાસ કે કાર્યવાહી કરવામાં આવેલ નથી . જેના કારણે જનાદેશ વિરુધ્ધના લોકો સત્તામાં આવી લોકો વિરુધ્ધ ના કાયદાઓ ધડી બંધારણ સાથ છેડછાડ કરે છે.

આધુનિક ટેકનોલોજીના ડિજીટલ જમાનામાં E.V.M મશીનો હેક કરવું એ કંઈ મોટી વાત નથી, દિલ્હી વિધાનસભામાં ડેમો પણ દર્શાવામાં આવેલ હતો. હાલના સમયમાં પણ રાજયમાં મોંધવારીના પ્રશ્નો, રોજગારીના પ્રશ્નો કોરોના બાબતે સરકારની નિષ્ફળતા હોય, રાજયના, નોકરિયાત વર્ગ, વેપારી વર્ગ, મજુર વર્ગ, ખેડુત વર્ગ, શિક્ષિત બે રાજગારોનો સખત વિરોધ હોવા છતા ભાજપ સરકાર એક તરફી પરિણામ લાવે E.V.m નોજ કમાલ છે. દુનિયાની સૌથી જુની લોકશાહી ધરાવતો જગતજમાદાર અમેરીકામાં પણ બેલેટ પેપરથી ચૂંટણીઓ કરવામાં આવે છે. E.v.m મશીનો બનાવનાર દેશોમાં પણ E.V.m મશીનો પર બેન (પ્રતિબંધુ) લગાવેલ છે. આપણા દેશમાં પણ દરેક વિપક્ષ પાર્ટીઓના વિરોધ છતા. પણ E.V.mથી જ ચૂંટણીઓ કરવી એ ચૂંટણીપંચ પર શંકા ઉપજાવે છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઆ માતો વી.વી.પેટનો પણ ઉપયોગ કરવામાં આવેલ નથી. જેના થી મતદારોએ પોતાનો મત કોને આપેલા છે. તે પણ ખુદને ખબર નથી. જે મતદાતાના અધિકારો પર તરાપ છે. રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ભાજપને જીતાડવામાં પણ E.N.T મશીનોની ખુબજ મોટી ભુમીકાઓ



રહેલ છે. અનેક જગ્યાઓ પર E.V.m ના હેરાફેરી અને ગરબડીની ફરીયાદો કરવામાં આવેલ છે. જેમકે ધોળકામાં વોર્ડ નં-૪ માં ૬૮૮ વ્યકિતનું મતદાન થયેલ હતુ. છતા E.v.m માથી ૨૩૭૩ મત નિકળ્યા, ઘણી જગ્યાઓ પર મશીનોને હેક કરવાની ફરીયાદો પણ કરવામાં આવેલ છે. છતા ચૂંટણી પંચ દ્વારા નિષ્પક્ષ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જે એક શંકા ઉપજાવે છે. જેથી રાજયમાં થયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવાયેલ E.v. મશીનોના દરેક ઉપકરણોની (FS.L) K/ તપાસ કરવામાં આવે અને આવનારી ચૂંટણીઓ બેલેટ પેપરથી કરવામાં આવે એવીમાંગ કરી હતી

તસવીરઃ જયોતિ દીપક જગતાપ,રાજપીપળા

## ઝૂંપડપટ્ટીમાં રહેતો પરિવાર રડતો રહ્યો અને ડબ્બાવાળા બકરીઓ ઉઠાવી ગયા.

# ગાંધીનગરના ડેપ્યુટી મેયર રૂ.૧૪૦૦માં બે બકરી છોડાવી, મનપાના ઢોર ઉઠાવવા વાળાને માનવતાના પાઠ ભણાવ્યા

ગાંધીનગરઃ

ગુજરાતના એક એવા ડેપ્યુટી મેયર જે હર હંમેશ પોતાના માટે નહીં પણ પ્રજાના કામ માટે ગમે તે સમયે પહોંચી જાય છે એવા ગાંધીનગરના ડેપ્યુટી મેયર નાજાભાઇ ઘાંઘર આજે ઝુંપડપટ્ટીમાં રહેતા અને બકરાં ચરાવી ઘરનું ગુજરાન ચલાવતા પરીવારની મદદે પહોંચી ગયા હતા.



ગાંધીનગરનાં કુડાસણ નજીક સીટી પ્લસ પાસે ઝુંપડપટ્ટીમાં રહેતા ધનીબેન રમણભાઈ દંતાણી બકરાં ચરાવી તેમનાં દૂધ માંથી ઘરનું ગુજરાન ચલાવે છે . આ રીતે મજુરી કરતા ગરીબ માણસો સામે મહાનગરપાલિકા તંત્ર રોફ જણાવતું હોય એમ શનિવારે તેનાં ઝુંપડા પાસેથી ડબ્બામાં બે બકરીઓ ઉઠાવી ગયાં હતાં ત્યાર બાદ પરીવાર રડતો-રડતો ડેપ્યુટી મેયર નાજાભાઈનાં ઘેર પહોંચ્યો હતો અને પોતાની આપવીતી જણાવી હતી જેથી ડેપ્યુટી મેયર તાત્કાલિક મનપાના પાંજરાપોળ પર પહોંચ્યા હતા અને રૂ. ૧,૪૦૦ નો દંડ ભરી બંને બકરી છોડાવી ગરીબ પરીવારને સોંપી હતી. અમારી પાસે ખાવાનાં નથી તો ૧,૪૦૦ રૂપીયા કેમ આપીએ: ધનીબેન

મનપાના ડબ્બા વાળા બે બકરીઓ ઉઠાવી ગયાં હતાં અને ગરીબ પરીવારને રૂપીયા ૧,૪૦૦ ભરી બકરીઓ છોડાવી જવાનું કહ્યું હતું ત્યારે બકરીનાં માલિક ધનીબેન રડવાં માંડ્યા હતા અને કહ્યું હતું કે, અમારી પાસે ખાવાનાં નથી તો પછી આટલાં રૂપીયા ક્યાંથી લાવીએ ત્યારે ડેપ્યુટી મેયર નાજાભાઇ ઘાંઘર મદદ કરવાં પહોંચ્યા અને પરીવારનાં સભ્યો હસતા મોઢે ઘેર પરત ફર્યા હતાં.

ડેપ્યુટી મેયરે ઘાસચારો પણ લઇ આપ્યો

ડેપ્યુટી મેયર નાજાભાઇ ઘાંઘરે આવાં ગરીબ માણસોને પરેશાન ન કરવાં અને મદદ કરવાની સલાહ આપી મનપાના ડબ્બાવાળા કર્મચારીઓને માનવતાનાં પાઠ ભણાવ્યા હતા સાથે-સાથે ગરીબ પરીવારને બકરીઓનાં નીભાવ ખર્ચ માટે ઘાસચારો લેવાં રૂપીયા આપી આર્થિક મદદ પણ કરી હતી.

# ભુજ પોસ્ટ ઓફિસ કૌભાંડમાં પકડાયેલો આરોપી સચિન ઠક્કર લોકઅપમાંથી ફરાર...

### સવારે નવ વાગ્યાના અરસામાં લોકઅપની દરમિયાન ફરાર આરોપી સી.સી.ટીવીમાં થયો કેદ.

પરવાસી પત્રકાર વિજયવીર યાદવ

ભુજની બહુચર્ચિત રાવલવાડી ખાતે આવેલી પોસ્ટ ઓફિસ કૌભાંડના આરોપમાં ઝડપાયેલો એ ડિવિઝન પોલીસ મથકના લોકપમાં રિમાન્ડ પરનો આરોપી સચિન ઠક્કર આજે સવારના ૯ વાગ્યાના અરસામાં લોકપની સાફસફાઈ દરમિયાન તેને બહાર કાઢવામાં આવ્યો હતો અને તે અરસામાં પોલીસ ની નજર ચૂકવીને ફરાર થઈ જતા પોલીસ તંત્ર તેને ઝડપી પાડવા વિવિધ ટિમો બનાવીને નાકાબંધી કરી કરી દેવાઈ છે અને પોલીસ તંત્ર દોડતું થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે પોસ્ટ ઓફિસમાં કૌભાંડ આચરાયું છે જેના આરોપમાં સચિન ઠક્કરને પકડી પાડવામાં આવ્યો હતો જોકે આ કૌભાંડ મામલે પોસ્ટ ખાતા દ્વારા મગનું નામ મરી પાડવામાં



ઢાંક પીછોડું કરાઈ રહ્યું હોવાની ચર્ચાએ શહેર સહિત સમગ્ર કચ્છમાં જોર પકડ્યું છે ત્યારે એક તબક્કે આરોપી સચીન ઠક્કરને બચાવવાના પણ પ્રયાસ થઇ રહ્યાના આક્ષેપો થયા હતા તેની વચ્ચે હવે આરોપી ખુદ પોલીસ સ્ટેશનમાંથી ફરાર થઈ જતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. અહીં નોંધનીય છે કે આરોપી સચિનની પત્ની અને પોસ્ટ ખાતાની નાની બચત એજન્ટ પ્રજ્ઞાબેન ઠક્કર હજુ પણ ફરાર છે ત્યારે હાલ ભુજ શહેર એ ડિવિઝનના રિમાન્ડ પર રહેલો આરોપી પોલીસની નજર ચૂકવીને ફરાર થઇ જતાં અનેક પ્રશ્નો ઉભા થયા છે ત્યારે પશ્ચિમ કચ્છ ડી.વાય.એસ.પી જે.એમ પંચાલે મીડિયા સમક્ષ વાત કરતા જણાવ્યું હતું કે આ ગંભીર ઘટનાની જાણ થતાં એસ.પી સૌરભસિંગ દ્વારા ઝીણવટભરી તપાસ કરવાની સૂચના અપવામાં આવતા તપાસ ચાલુ કરી દેવાઈ છે અને જે કાંઈ તથ્ય બહાર આવશે તેના વિરુદ્ધ તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે પરંતુ જાગૃત નાગરિકોમાં એવાતે પણ ચર્ચાઓ ઉઠી રહી છે કે આરોપી પોતે પોલીસ સમક્ષ હાજર થયો હતો છતાં તે પોલીસ સ્ટેશનમાંથી નાશી જવા પાછળનું ઘૂંટાતું રહસ્ય અનેક વિચાર માંગીલે તેવા પ્રશ્નો ઉભા કરી દે તેવા છે તેવચ્ચે પોલીસ પ્રસાસન ફરાર આરોપીને ઝડપી લેવા પોતાના ચક્રોગતિમાન કર્યા છે.

# આઝાદી બાદ પ્રથમ વખત નાંદોદની વાઘેથા તા.પં અને ભદામ જિ.પં બેઠક પર ભાજપનો કબજો



રાજપીપળા,તા.૬

નર્મદા જિલ્લામાં યોજાયેલી નર્મદા જિલ્લા પંચાયત અને ૫ તાલુકા પંચાયત સહિત રાજપીપળા નગરપાલિકાની ૨૮મીએ ચૂંટણી યોજાઈ હતી. ૨જી માર્ચે જ્યારે એનું પરિણામ જાહેર થયુ.ત્યારે નર્મદા જિલ્લામાં ભાજપનો ભગવો લેહેરાયો હતો.અત્યાર સુધીના ઈતિહાસમાં કોઈ પાર્ટીને આ સૌથી વધુ બેઠકો મળી છે.એમ કહીએ તો ખોટું નથી. નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ અને મહામંત્રીની વરણી બાદ વાતાવરણ એવું બન્યું હતું કે, પણ પરિણામ કંઈક અલગ જ આવ્યું છે.અનેક ફરિયાદો છતાં ભાજપને સ્પષ્ટ બહુમત મળ્યો.નર્મદા જિલ્લા પંચાયત અને ૫ તાલુકા પંચાયત તથા રાજપીપળા નગરપાલિકામાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી.

નાંદોદ ધારાસભ્ય સાથે જિલ્લા ભાજપ પ્રમુખ નું સેટિંગ છે. એ પણ પુરવાર થયું નથી અને આક્ષેપો ખોટા ઠર્યા .અત્યાર સુધી નાંદોદ તાલુકાની ભદામ જિલ્લા પંચાયત અને વાગેથા તાલુકા પંચાયત પર કોંગ્રેસનો વિજય થતો આવ્યો છે. નર્મદા જિલ્લા ભાજપ મહામંત્રી નીલ રાવના મતવિસ્તારમાં આવતી એ બંને બેઠકો કબજે કરવી એ મહામંત્રીની અગ્નિ પરીક્ષા સમાન હતી.પરંતુ કોઇ જાતિવાદી સમીકરણ કામ ન કર્યું અને આઝાદી બાદ પ્રથમ વખત ભદામ જિલ્લા પંચાયત અને વાગેથા તાલુકા પંચાયત બેઠક પર ભાજપે જંગી બહુમતીથી જીતી લીધી.નાંદોદ ધારાસભ્યની પુત્રી, પુત્ર અને એમના જમાઈ સામે ભાજપનો ઉમેદવાર જંગી બહુમતીથી જીત્યો છે. આઝાદી બાદ પ્રથમ વખત આ બે બેઠકો પર ભાજપનો વિજય થયો છે . તો બીજી બાજુ બીટીપીના વર્ચસ્વ વાળા દેડીયાપાડા અને સાગબારામાં પણ ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ , રાજપીપળા

# કોંગ્રેસની કાયાપલટ નિશ્ચિતઃબાપુની એન્ટ્રીઃવીરજી ઠુમ્મર વિપક્ષ નેતા.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં કોંગ્રેસનો ગ્રામ્ય સ્તરથી લઈને શહેરી સ્તરે મળેલી પછડાટ પછી કોંગ્રેસ પક્ષમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા,ગુજરાત વિધાનસભા વિપક્ષ નેતા પરેશ ધાનાણી સહિત અનેક નાના મોટા નેતાઓએ હાર માટેની જવાબદારી સ્વીકારી રાજીનામા આપી દીધા છે. ત્યારે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ તરીકે કોણ તેમજ વિપક્ષ નેતા તરીકે કોણ તેની ચર્ચાઓ ચારે તરફ વ્યાપી ગઈ છે અને તેમાં પણ પ્રદેશ પ્રમુખ તરીકે પૂજા વંશ, શૈલેષ પરમાર વગેરે નામો બોલાતા હતા પરંતુ કોગ્રેસ મોવડી મંડળે અલગજ નિર્ણય લીધો છે.જેનાથી કોંગ્રેસ કાર્યકરોમાં ઉત્સાહ વ્યાપી જશે તે સાથે કોગ્રેસને ફરી બેઠી થતાં વાર પણ નહી લાગે.



દિલ્હી કોંગ્રેસ સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર પૂંજા વંશના પુત્ર કોંગ્રેસમાં હારી ગયા છે મતલબ કે પૂંજા વંશ તેને જીત અપાવી શક્યા નથી તો ગુજરાત કોંગ્રેસને બેઠી કઈ રીતે કરી શકે.? જ્યારે કે શૈલેષ પરમાર ઉમેદવાર પસંદગીમાં હતા અને તેનું પરિણામો દરેકની સામે છે. ત્યારે કોંગ્રેસ મોવડી મંડળે શંકરસિંહ વાઘેલા બાપુ પર નજર ઠેરવી છે તે સાથે શંકરસિંહ વાઘેલાને કોંગ્રેસમાં એન્ટ્રી આપવા સાથે પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવા નિર્ણય કર્યો હોવાનું સુત્રો દ્વારા જાણવા મળે છે જયારે કે શંકરસિંહ વાઘેલા ગુજરાતમાં મોટી નામના ધરાવે છે લોકોમાં સર્વ પ્રિય છે. તેઓને કારણે કોંગ્રેસ કાર્યકરોમાં પ્રાણ ફુંકાશે- નવી ઉર્જા વ્યાપી જશે તેવું કોંગ્રેસી જનોમાં ચર્ચાઈ રહ્યું છે. તો લોકો પણ આવકારવા તૈયાર છે.

બીજી તરફ વિધાનસભા વિપક્ષ નેતા પદે પૂંજા વંશ અને શૈલેષ પરમાર નું નામ પણ ચાલતું હતું પરંતુ તેઓની કામગીરી જોઈને મોવડી મંડળે લાઠીના ધારાસભ્ય વીરજી ઠુમ્મરને વિપક્ષ નેતા પદે બેસાડવા નિર્ણય કર્યો હોવાનું સુત્રો જણાવે છે અને એ રીતે સૌરાષ્ટ્ર પાટીદાર સમાજને મહત્વ આપવામાં આવશે સૂત્રોના જણાવ્યા અનુસાર આ કારણે વિધાનસભામાં કોંગ્રેસનો અવાજ ગુંજતો થઈ જશે.

## નર્મદામાં પાણી છોડતા વિયર કોઝવે ઓવર ફ્લો.

# સિંચાઈ માટે નર્મદા કેનાલમાં ૧૯૯૩૭ ક્યુસેક પાણી છોડાયું

રાજપીપળા,તા.૬

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સિંચાઇનું પાણી આપવા માટે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેરાત કરી હતી.જે મુજબ નર્મદા નિગમ દ્વારા નર્મદા મુખ્ય કેનાલમાં ૧૯૯૩૭ પાણી છોડવામાં આવ્યું હતું. નર્મદા ડેમની હાલની જળ સપાટી ૧૩૦.૪૧ મીટર છે. અને સરદાર સરોવરમાં ૩૩૧૬ મિલિયન ક્યુબિક મીટર પાણીનો લાઈવ જથ્થો છે. નર્મદાબંધ આખી સિઝન રાજયના ખેડૂતોને સિંચાઇનું પાણી અને પીવાનું પાણી પૂરું પાડવા સક્ષમ છે. ત્યારે ઊનાળાની સિઝન શરૂ થઇ છતાં સરકારે સિંચાઇ માટે પાણી આપવાનું શરૂ કરાવ્યું છે. નર્મદા મુખ્ય કેનાલ માં પાણી છોડી લિંક તળાવો અને કેનાલો ભરી છેકે સૌરાષ્ટ્ર-કચ્છને રાજસ્થાન સુધી પાણી પહોંચાડવામાં આવશે.



આજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર હોવાથી નર્મદા નદી છલોછલ દેખાય અને પાણીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આકાશ દર્શન થાય એ માટે નર્મદા નદી છલોછલ કરાયું હતું. નર્મદા બંધની સપાટી હાલ ૧૩૦.૪૧ મીટર હોય પાણી ઘણું છે. એટલે રીવરબેડ પાવરહાઉસ ૧૯ કલાક ચલાવી ૫૮૪૦ ક્યુસેક પાણી હાલ નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. બીજી બાજુ વિયર ડેમ ઓવરફ્લો થતાં સુંદર દ્રશ્ય પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે.અને ૫૭૬૦ પાણી વિયર ડેમ ઉપરથી છલકાઇને નદી નર્મદા નદીમાં વહી રહ્યું છે.જેને કારણે નર્મદા નદીનો પ્રવાહ વધ્યો છે. રાજ્ય સરકાર પાસે પાણીનો વિપુલમાત્રામાં પાણીનો સંગ્રહ જથ્થો ઉનાળા પાક માટે પણ ખેડૂતોને ભરપૂર પાણી મળશે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા



**પૂર્વ ધારાસભ્ય. રાજપૂત ....સૌના પ્રિય હેમાજી આપણી વચ્ચે નથી રહ્યા, સાદગી પૂર્ણ જીવન , સ્વચ્છ રાજકીય પ્રતીભા વાવ-થરાદ પંથકમાં આ મુઠ્ઠી ઊંચેરા માનવી ની ખોટ પડી છે પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્મા ને શાંતિ આપે**

## અરવલ્લી પોલીસતંત્રમાં બદલીઓનો સીલસીલો યથાવત

# ૪ પી.આઈ અને ત્રણ પીએસઆઈની આંતરિક બદલી,એલસીબી પીઆઇ તરીકે વાઘેલા

અરવલ્લી બ્યુરો મોડાસા

સ્વચ્છ છબી ધરાવતા અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે એલસીબી દારૂ કાંડ પછી એલસીબીનું વિસર્જન કર્યાના ગણતરીના કલાકો બાદ એલસીબી શાખાનું નવસર્જન કરવાની સાથે વધુ એકવાર પોલીસ અધિકારીઓની બદલીનો ગંજીપો ચીપ્યો છે જેમાં મોડાસા ટાઉન પીઆઈ સી.પી વાઘેલાને એલસીબી પીઆઈ તરીકે નિમણુંક કરી છે જીલ્લામાં ફરજ બજાવતા ૪ પીઆઈ અને ત્રણ પીએસઆઈની આંતરિક બદલી કરી કરવામાં આવતા જીલ્લા પોલીસતંત્રમાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મળ્યો હતો જીલ્લા પોલીસતંત્રમાં સતત થઇ રહેલા ઉલટફેર થી પોલીસકર્મીઓ પણ થાપ ખાઈ રહ્યા છે. અરવલ્લી એસપી સંજય ખરાતે ૪ પીઆઈ અને ત્રણ પીએસઆઈની આંતરિક બદલીનો આદેશ કર્યો છે જેમાં મોડાસા ટાઉન પીઆઈ તરીકે ફરજ બજાવતા સી પી વાઘેલાને એલસીબી પીઆઈ, બાયડ પીઆઈ એન.જી ગોહીલને મોડાસા ટાઉન પીઆઈ,સીપીઆઈ મોડાસા એસ.એન પટેલને બાયડ સીપીઆઈ અને બાયડ પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ એલસીબી પીઆઇ આર.કે.પરમારને લિવ રિઝર્વ,એલઆઈબી શાખાના પીએસઆઇ આશિષ પટેલને શામળાજી પોલીસ સ્ટેશન,મોડાસા ટાઉન પીએસઆઈ પી.ડી.રાઠોડને મોડાસા રૂરલ પોલીસ,શામળાજી પીએસઆઈ અનંત દેસાઈ ને રીડર શાખા અને એલઆઈબીનો વધારાનો ચાર્જ તેમજ લિવ રિઝર્વમાં રહેલા પીએસઆઈ એસ.ડી.માળીને મોડાસા ટાઉન પોલીસ પીએસઆઈ તરીકે બદલી કરવામાં આવી છે તમામ પોલીસ અધિકારીઓની જાહેર હીતમાં બદલી કરવામાં આવી હોવાની સાથે કોઈ પણ જાતના બેક રેફન્સ વગર બદલીના સ્થળે તાત્કાલીક હાજર થવાનો હુકમ કર્યો છે. અરવલ્લી પોલીસ અને તેમની કામગીરી કોઈને કોઈ કારણોસર હંમેશા ચર્ચા સ્થાને રહી છે.છેલ્લા કેટલાક સમયથી ગૃહખાતાની આડપંપાળ અને ભ્રષ્ટ અધિકારીઓની કારણે જિલ્લા પોલીસની છાપ ખરડાઈ છે.મોટેભાગે વિદેશી દારૂની હેરાફેરી સામે જાણી જોઈ કરાતા આંખ આડા કાન,બુટલેગરો સાથેની ભાઈબંધીને લઈ જિલ્લામાં ઘરફોડ તસ્કરો પણ પોલીસ કબ્જામાંથી દારૂ ચોરતાં શીખી ગયા છે.જીલ્લા પોલીસવડા માટે જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની બુટલેગરો સાથેની ભાઈબંધી પર લગામ લગાવવી પડશે નહીં તો જીલ્લામાં દારૂ કાંડ જેવી ઘટનાઓ આગામી સમયમાં બને તો નવાઈ નહી...?

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK